॥ ॐ ॥

मौळं कत, एवरत विधि

लक्ष्मी प्रभाकोरनी वार्त्ता.

કર્ત્તા,

હિતાકાંક્ષી.

વિદ્વાન મહાપુરૂષ શ્રી મંગળજી સ્વામીના શિષ્ય

મુનિ શ્રી કૃષ્ણજી સ્વામી.

સોમ શૈય્યા, ગાવીંદ સુદરી, સુર સુદરી, મનહર શતક,
પ્રશ્નોત્તર જ્ઞાન માળા, શ્રાવિકા ધર્મ પ્રકાશ, ચદન
બાળા ચરિત્ર, જૈન વિધવા ધર્મના કર્ત્તા.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

માસ્તર વલ્લભજી મેઘજી શાહ, જુનાગઢ.

અમદાવાદ—શ્રી "સત્યવિજય" પ્રિન્ટીગ પ્રેસમા.
શાહ સાકળચદ હરીલાલે છાપ્યુ.

આવૃત્તિ ૨ જી   પ્રત ૧૦૦૦ એક હજાર
વીર સવત્ ૨૪૩૭ ના ચૈત્ર સુદ ૧.
વિક્રમ સવત ૧૯૬૭   ઇ૦ સને ૧૯૧૧.

કિંમત બે આના

॥ ॐ ॥

मोळाकत, एवरत विधि

लक्ष्मी प्रभाकोरनी वार्त्ता.

कर्त्ता,

હિતાકાંક્ષી.

વિદ્વાન મહાપુરૂષ શ્રી મંગળજી સ્વામીના શિષ્ય

મુનિ શ્રી કૃષ્ણજી સ્વામી.

સોમ શૈય્યા, ગાવીલ સુદરી, સુર સુન્દરી, મનહર શતક,
પ્રશ્નોત્તર જ્ઞાન માળા, શ્રાવિકા ધર્મ પ્રકાશ, ચન્દન
બાળા ચરિત્ર, જૈન વિધવા ધર્મના કર્ત્તા

છપાવી પ્રસિદ્ધ કરનાર.

માસ્તર વલ્લભજી મેઘજી શાહ, જુનાગઢ.

અમદાવાદ—શ્રી "સત્યવિજય" પ્રિન્ટીંગ પ્રેસમા
શાહ સાકળચદ હરીલાલે છાપ્યુ

આવૃત્તિ ૨ જી   પ્રત ૧૦૦૦ એક હજાર
વીર સવત્ ૨૪૩૭ ના ચૈતર સુદ ૧
વિક્રમ સવત ૧૯૬૭   ઇ૦ સને ૧૯૧૧.

કિંમત બે આના.



દાનવીર શ્રીયુત શેઠ નથુભાઈ કૃપારામ

જુનાગઢ.

ભારતજ્ઞાન પ્રેસ-મુંબઈ

અર્પણ પત્રિકા.

દોહરો.

લોકાગચ્છમાં દીપતા, હર્ષાનંદ ખાસ;
ન્યાયવંતા નથુભાઈની, પુરો પ્રભુજી આશ ૧
જ્ઞાન દાને શોખીન છે, ગચ્છ દીપાવણહાર;
કરૂણા ને સમ દ્રષ્ટીતા, પરોપકારમાં પ્યાર ૨

શ્રીયુત્ ઉદાર ચરિત જૈન ધર્માભિલાષી

શેઠ નથુભાઈ કૃપારામ. જુનાગઢ.

આપ સ્વધર્મની ઉન્નતિ કરવા અહોનિશ અતિશય યત્ન કરો છો સ્વધર્મ બંધુઓના ઐહિક-આમુષ્મિક સુખની વૃદ્ધિ કરવા મન, વાચા અને કર્મથી વિખ્યાત થએલા છો આ સિવાય અનેક દીનજનોનાં દારિદ્ર કાપવાને આપ હમેશા હૃદય અને દ્વાર ખુલ્લા રાખો છો. તેમજ સ્ત્રી જાતિની ઉન્નતિ કરવાનો મહા મંત્ર આપના પ્રત્યેક શ્વાસોચ્છવાસમા જપાયા કરે છે ઉક્ત સદ્ગુણો અને સત્કાર્યોથી આકર્ષાઇને સ્વધર્મ ભગિનીઓને લાભપ્રદ આ લઘુ પુસ્તક અતિ માન આદર અને ધાર્મિક લાગણીથી આપ મહાનુભાવને અર્પણ કરીને કૃતાર્થ થાઉં છુ

લી૦ કૃપાકાક્ષી તરૂણ

સ્વધર્મ સેવક,

વલ્લભજી મેઘજી શાહ.—જુનાગઢ.

" પ્રસ્તાવના "

આ ચોપડી સ્ત્રી માત્રને ધ્યાન દઈ વાચવા જેવી છે. મોળાકત અને દિવાસાની વિધિની શિક્ષા લખી છે. તે શીખી સાભળી લક્ષમા લેવી, જે જે વાતો ઉપયોગી હોય તેને હૃદયમા ધારણ કરી તે પ્રમાણે વર્તશો, તોજ કલ્યાણ થશે

શ્રી ઠાણાયગજી સૂત્રને ત્રીજે ઠાણે શ્રી વીતરાગ દેવે ત્રણ પ્રકારની શુદ્ધિ કહેલ છે. મન શુદ્ધિ, વચનશુદ્ધિ, અને કાયશુદ્ધિને અર્થે મોળાકત અને દિવાસાના દિવસમા પાપ ન લાગવા માટે આચાર વિચાર સુધારવા માટે બાળકીઓ તરૂણીઓ અને વૃદ્ધ સ્ત્રીઓ કેટલીક વખત તે દિવસોમા કોઈક સ્ત્રીઓ ખરાબ ગાણા અને નીચ વૃત્તિના કામો કરે છે તે નજરે જોવામા તથા સાભળવામા આવેલ છે. જે પરથી ત્રણે પ્રકારની શુદ્ધિ કરવા માટે પ્રયત્ન કર્યો છે.

હે વાચનાર ગુણીજનો ! જરાપણ ભ્રમમા પડી શકાશીલ બનશો નહિ, કારણકે જાગરણ ધર્મની ઓથે ઓગ આના ફજેતી બનેલી તે બાબતમા શંકા કરવા જેવું નથી, કેટલેક ઠેકાણે બન્યુ છે, બને છે, અને હજી નહિ ચેતો તો બનશે.

અનાચારની વૃદ્ધિ થતી કેમ અટકે ? તથા સામાજિક સ્થિતિ કેમ સુધરે ? એ પ્રશ્ન નહિ કરતાં પ્રત્યેક કન્યાશાળામાં વડી શિક્ષકે કન્યાઓને આ ચોપડીથી બોધ

આપવા ઘટે છે જેથી કન્યાઓ સુધરી જશે, અને ભવિષ્યની માતાઓનું ભલું થશે એમ જાણી સરલ ગુજરાતી ભાષામા ગામડાના લોકો સમજે તેવી આ શિક્ષા લખેલ છે.

લી. કર્ત્તા મુનિ કૃષ્ણ.

મારા બે બોલ.

પ્રસ્તાવના લખવાનો હેતુ સામાન્ય રીતે પુસ્તકમાં જે વસ્તુનુ વર્ણવવામા આવ્યું હોય તેનું સિંહાવલોકન બતાવવાનો હોય છે, પણ એ નિયમ સામાન્ય ગ્રંથકર્ત્તાને લાગુ પડે છે કારણ કે તેમના પુસ્તકમા કંઈક વધારે પડતું હોય.

ધર્મના પુસ્તકોમા ઉક્ત કારણને લીધે પ્રસ્તાવનાને અવકાશ આપવમા આવતો નથી. પરંતુ કોઈ પણ સદ્ગુરૂના વચનામૃતનુ પુસ્તક બનાવવામા આવે તે ધર્મ પુસ્તકની સમાનજ હોય છે, પણ તેને કેટલાક ધર્મમાન્ય પુસ્તકોની ગણનામાથી જરાક છેટે જગા આપે છે તેથી તેમા પ્રસ્તાવના લખવાનો હેતુ પ્રાપ્ત થાય છે

આ પુસ્તક આપણા ગુણાતીત જૈન સ્વરૂપ મુનિ શ્રી કૃષ્ણજી સ્વામીએ સ્ત્રી જાતિની ઉન્નતિને માટે લખેલું છે, એટલે આ લેખનું દોહન કરવું એ મારા જેવા ક્ષુદ્ર સેવકની શક્તિ ઉપરની વાત છે કારણકે શુદ્ધ સોનામાંથી કુંદન કાઢવા

જતા કાંઇપણ ભાગ બાકી રહેતો નથી, તેમ આ ચોપડી માથી કોઇપણ ખાસ મુદ્દા તારવી કાઢીને ટુંકામા બતાવવા એ એમના વચનામૃતનો સ્વાદ ઓછો કર્યા જેવું થાય.

આ પુસ્તક મુનિશ્રીએ હાલના વખતમાં સ્ત્રીઓમાં જે કેટલાક રૂઢીને લીધે એવા કુવ્રતો પેસી ગયા છે કે જેથી પુન્યને બદલે પાપની ભોકત્રી થાય છે તેનુ ખોટારૂં મુનિશ્રીએ પોતાની વિદ્વતા અને મધુરી વાણીથી લખેલ છે જે વાચવાથીજ આપોઆપ નિગાહમા આવશે માટે સકળ સ્ત્રી વર્ગ પછી બાલિકા, વહુઓ અને પોઢ સ્ત્રી સધવા યા વિધવા ગમે તે હોય તોપણ તેમને એક સરખી રીતે મનન કરવા લાયક છે

આ પુસ્તક છપાવવામા અહીંના જૈન ધર્મ ધુરંધર ઉત્કૃષ્ટ દાનેશ્વરી દિવ્ય સ્વરૂપ, અને સ્ત્રીવર્ગની વ્યવહારિક તથા પારમાર્થિક પ્રતિષ્ઠા વધારવાને અપ્રતિમ ઉત્સાહી, વિદ્યાવિલાસી વગેરે વગેરે અનેક સદ્દગુણાલકૃત સુપ્રસિદ્ધ ગૃહસ્થ માનવતા શ્રીયુત્ શેઠ સાહેબ નથુભાઇ કૃપારામે મને મોટી મદદ આપી છે અને ખાસ તેમના આશ્રયથીજ બહાર પાડવા શક્તિવાન થયો છુ, તે બાતે તેઓ નાદર શેઠ સાહેબનો અતઃકરણપૂર્વક પરિપૂર્ણ ઉપકાર માનુ છુ. (તેમજ જાહેર કરૂ છુ)

મારા પુસ્તકના પ્રુફશીટો સુધારવામા જુનાગઢ નં. ૨ બીજાની નિશાળના પેહેલા આસિ. માસ્તર રા. રા. નાનચંદ

જશરાજ વખારીઆ તથા તા૦ સ્કુલના પેહેલા આસિ. માસ્તર રા રા જટાશંકર હીરજી ત્રવાડીએ જે કાળજી રાખી છે અને કીમતી મદદ આપી છે તેને માટે તેઓ સાહેબનો પણ અંતઃકરણ પૂર્વક પૂરેપૂરો હું ઉપકાર માનું છુ.

સમદ્રષ્ટીથી વિચાર કરી આ પુસ્તકપર મીઠી નજરથી જોવામા આવશે તો મારો કીધેલો પ્રયાસ સફળ થયો સમજી તેઓનો અતિ આભારી થયો સમજીશ. મિતિ ચૈત્ર સુદિ ૧ વિક્રમ સંવત ૧૯૬૭ તા. ૩૦ મી માર્ચ સને ૧૯૧૧ ગુરૂવાર જુનાગઢ. (વાદી ખડકી)

પ્રસિદ્ધ કર્ત્તા

* श्री वीतरागाय नमः *

मोळाकत, एवरत विधि.

लक्ष्मी प्रभाकोरनी वार्त्ता.

દોહરો.

સુવર્ણ કેરા ભૂષણો, નહિ કદિ ભૂલાય,
તેમ વાચી આ વાર્તા, યાદ રાખજો બાઇ,
લાયક આવા પુસ્તકો, વાચી યાદ રખાય,
સુધરતા શી વાર છે, કીર્તિ મોક્ષ પમાય,
કુશળ કામની ધારશો, વાચી વાત વિવેક,
ખોટા પર્વો ટાળશો, મિથ્યા જાણી છેક,
આવા પુસ્તક વાચવા, ઇચ્છે તે સતી હોય,
ધર્મ આપણો જાણવા, મનમા રાજી સોય,
વાચે જો કુમારિકા, સદાચાર વરતાય,
નાશ થાય કુપર્વનો, સુપર્વે જશ થાય.

સૌરાષ્ટ્ર દેશના મધ્ય ભાગમા મણિપુર [1] નામે સરસ બાંધણીનુ અને નામીચું એક શહેર હતુ તે શહેરની અંદરની તથા બહારની રચના અતિ સુશોભિત ને જોવા લાયક હતી. તેને શ્વેત અને ચળકતા પત્થરનો કિલ્લો હતો, અને તેને બાર દરવાજા હતા

તે માહે અનેક પ્રકારની કોતરણીથી ભરેલી ભવ્ય દિવાલોની ઓળોના કતાર ચારે દિશાએ શોભી રહ્યા હતા. તે દીપાવવા અથવા તો રસ્તા બતાવવા જાહેર ફાનસ બન્ને બાજુએ શ્રેણીબંધ મુકવામા આવેલ હતા ઘંઘા રોજગારથી જામેલી બજાર ફળદ્રુપાથી અને ભભકાદાર દુકાનોની લાઇન ઠાઠમાઠથી ખીલી નીકળેલી જોવામા આવતી હતી તેને દીપાવવા ઉમદી ધાતુના બારીબારણા મુકેલા હતા, વળી તે શહેરને બે વખત સુગંધી પદાર્થોથી સુવાસિત કરતા હતા અને હમેશા રસ્તાઓમાં બે વખત પાણીનો છંટકાવ કરવામા આવતો હતો વળી બહારના ભાગમા ચોતરફ શોભી રહેલા બાગબગીચા બંગલા અને સડકોની લાઇન તથા ફળદ્રુપ વૃક્ષોની ઝુકી રહેલ ગીચ ઘટાનો ઘણો આનંદમય અને રમણિક દેખાવ લાગતો હતો શહેરની સડકો, બગીચા અને મનોહર વૃક્ષ ઘટાનો દેખાવ નિહાળી મુસાફરો હાસ્યવિનોદ કરતા આવતા જતા હતા આ શહેરમા અનેક વર્ણની વસ્તી હતી તેમા જૈની

---

૧ જેને હાલમા જુનાગઢ કહે છે

નામ ધરાવનાર અઢી હજાર શ્રાવકનાં ઘર હતા. તેમા લક્ષ્મી અને વિજયા નામની બે સખીઓ ગાઢ પ્રીતિવાળી યુવાન બાલિકાઓ હતી, તે એક વખત સખી ભાવમા શ્રેષ્ટ આનંદના ઉભરામા અન્યોન્ય વાર્તા કરતી હતી

વિજયા—આજ અષાઢ માસની અમાવાસ્યાનો દિવસ છે, ત ખરેખર તહેવાર લેખાય છે, અને આ દિવસે પરણેલી સ્ત્રીઓએ પાચ વરસ સુધી એવરત કરવા જોઇએ, અને આજના દિવસનો ઉપવાસ પણ કરવો જોઇએ તો આપણા માટે શુ ફરાળ લાવીશુ ? એટલામા તો સમજુ, શાણી ગતિને લજાવે તેવી સ્વરૂપવાન, હિંમતવાન, બુદ્ધિવાન, ભણેલી, નીતિમા નિપુણ, ચાલાક, ઉત્સાહી ચતુર, વિવેકી, હુન્નરમા કુશળ, ચિત્રકળામા પ્રવીણ, પતિવ્રતા ધર્મમાં પરાયણ, જૈનધર્મનું રહસ્ય જાણનાર એવી સદ્ગુણી પ્રભાકોરે આ વાત સાંભળી વિક્ષિત વદને કહ્યુ, બહેન ! આજે ફરાળ શાનું ?

લક્ષ્મી ઘણા છણકો કરી બોલી, વાહ ? તમે તો ભણ્યા એટલે હવે ભ્રષ્ટ થવા લાગ્યા છો. ભણીગણીને સાર તો આ લીધોને ? ઝાઝુ ભણે એટલે ધર્મ ઉપરથી કે જુના રિવાજો ઉપરથી શ્રદ્ધા ઉઠી જાય છે ઝાઝુ ભણ્યા એટલે વિનયનુ તો મોટું મીંડુ જ વળી ગયું. તમે સુધર્યા, હવે તમારી સખીઓને સુધારીને તમારા જેવી નાસ્તિક બનાવો. આજે સો પર્વનો માસો દિવાસો છે તેથી

આપણે જરૂર ઉપવાસ કરવો જોઇએ, અને રાત્રિએ જાગરણ પણ અવશ્ય કરવું જ જોઇએ.

પ્રભાકોર—તમો ઉપવાસ કરીને ફરાળથી પેટ ભરશો અને હું તો દાળ, ભાત, શાક અને રોટલીએ ચલાવીશ. તમો જ્યારે ફરાળથી પૂર્ણ પેટ ભરશો, ત્યારે તો પછી દાળ ભાત શું નડે છે ? એ શું કાંઇ વિષ છે ?

લક્ષ્મી—મોળાકત અને એવરતને દિવસે દાળ ભાત ખાવા એ તો આપણે બાઇ માણસને વિષ કરતા પણ વધારે છે આપણા એ જોશીને હરાવનાર એક ડોશીમા આ બાબતનું ઘણું મહાત્મ્ય કહે છે. એવરત કરવાથી પતિનું આયુષ્ય વધે છે અને આપણે અખંડ સૌભાગ્યવંતા રહીએ છીએ

પ્રભાકોર- ત્યારે તો આ દુનિયામાં કોઇ સ્ત્રી રંડાપો ભોગવતી નહિ હોય ? જુઓને વિજળી, પુતળી, રાધા, પ્રાણકોર વગેરે સ્ત્રીઓએ વિધિપૂર્વક મોળાકત એવરત કર્યા છે, છતા તેઓ કેમ રંડાયેલ છે ? વળી કાશી, દીવાળી, અને કમળા પરણીને પહેલું એવરત વીતતાંજ રાંડી છે તે તમે જાણોછોને

લક્ષ્મી—તમે નાસ્તિક એટલે માનો નહિ, તમને કેમ સમજાવવા ?

પ્રભાકોર—મને તો એમ લાગે છે કે આપણને આવા વ્રત કરવાથી પાપ લાગે છે. અને તમે જો આવા મિથ્યા-

-વમા ઘસડાઇ પડશો તો ધર્મને ન્હાને મોટુ પાપ લાગશે. મનેતો અતરમા દયા ઉત્પન્ન થાય છે કે આવી ખોટી રૂઢી આપણી આર્યભૂમિમાથી કયારે નાશ પામશે

લક્ષ્મી—એ શું કાંઈ ખોટી રૂઢી છે? એ તો આપણા બાપદાદાના વખતથીજ ચાલ્યુ આવે છે, તેઓ શુ પાપ કરતા હતા? મોળાકત કે એવરત કરવાનું શાસ્ત્રમાં શું નથીં લખ્યુ કે? તમે તો નિશાળે ભણ્યા એટલે ઓટલો વઝ્યો

પ્રભાકોર--રૂઢી તો સાડી સાતવાર શું તમારા બાપ દાદાના વખતમા જે પ્રમાણે કરતા હતા તેજ પ્રમાણે તમે કરો છો? ચાલો હું તમને વિદુષી સુમતિજી આર્યાજી પાસે ખુલાસો કરાવુ કે કેવી રીતે મોળાકત અને એવરત કરવા જોઇએ.

આ સર્વ ખ્હેનો ઉપાશ્રયે જાય છે. તેવામા અવસરના જાણ દિવાસાનો દિવસ જાણી તેના સંબધમા નીચે પ્રમાણે સુમતિજી સાધ્વીજી બોધ આપે છે

સુમતિજી—ખ્હેનો? પ્રથમ સ્ત્રીજાતને વ્રત કરવાની ઘણીજ આવશ્યકતા છે સ્ત્રીઓને નિયમિત વ્રતો કરવાથી ઘણા લાભ થાય છે ઉત્તમ વ્રતો કરવાથી લક્ષ્મી મળે છે, ધર્મ ઉપર શ્રદ્ધા ચોટે છે ધર્મની શ્રદ્ધાથી મન શુદ્ધ થાય છે, શુદ્ધમનથી વ્રતો રૂડી રીતે પાળવામાં આવવાથી કર્મનો

ક્ષય થાય છે કર્મ ક્ષય થવાથી મોક્ષ મળે છે આ રીતે સુવ્રતો પાળવામા મોટો પરોક્ષ લાભ છે આપણા જૈન ધર્મમાં શુ શુ વ્રતો પાળવાના છે, અને હાલની શ્રાવિકાઓ (સ્ત્રીઓ) શુ વ્રત પાળે છે, તે જાણોછો ? હમણાની આર્યમહિલાઓ તથા જૈન શ્રાવિકાઓમા વિચિત્ર પ્રકારના વ્રત પળાય છે, પ્રથમ તો શ્રી વીતરાગદેવે સિદ્ધાતમા મિથ્યાદેવ અને મિથ્યાપર્વોથી વિમુખ થવાનુ સુચવેલ છે, તે જાણતા છતા આપણી શ્રાવિકાઓ મિથ્યાદેવ અને મિથ્યાપર્વોમા જેમની તેમ વળગી રહે છે જ્યાસુધી એવા દેવ અને પર્વોને વળગી રહેશે, ત્યાસુધી શ્રાવિકાપણાનો દાવો કરવો, તે ખરેખર ખોટા ખાવા જેવુ છે દૂધપાકમા મીઠુ નાખવા જેવુ છે પ્રથમ જડ ઘાલી રહેલા મિથ્યા પર્વો નિમિત્તે શ્રાવિકાઓ મિથ્યાત્વ સેવેછે, કર્મ બાધે છે, અને અધોગતિને પામેછે જે મિથ્યાપર્વોને તેઓ વ્રત માનીને કરેછે, તે પર્વોની રીતિ આ સગાતા કે જોતા કમકમાટી છુટે છે પ્રથમ તો સૌભાગ્યવતી સ્ત્રીઓને આજનો દિવસ દિવાસાનો છે, તેથી હુ જેઠ મહીનાના રવિવારથી માડીને આજ દિન સુધીનુ વિવેચન કરી બતાવીશ

બ્હેનો ? મોળાકત કે એવરતથી હુ બિલકુલ વિરૂદ્ધ જતી નથી, આ વ્રતો કરનાર પર ટીકા કરવાનો મારો વિચાર નથી, તેમ તે વ્રતને રૂઢીના રૂપમા અંધારામા ચલાવવા દેવા પણ મારો વિચાર નથી. આપણી આર્ય-

ભૂમિની પુત્રીઓ ૭-૮ વર્ષની થતાજ જેઠ મહિનામા એક વર્ષ નહિ પણ પાચ વર્ષ રવિવાર કર્યા વિના રહેતી નથી. આ વ્રત પાપબુદ્ધિ વધારનાર છે, ધર્મનો નાશ કરનાર છે, આત્માને દુર્ગતિમા લઇ જનાર છે આ વ્રત કેવી રીતે કરે છે, તે હુ કહુ છુ જેઠ માસના દરેક રવિવારે સવારમા ઉઠી સરખે સરખી વયની છોડીઓ એકઠી મળી, ગીતો ગાતી નદી, તળાવ કે નવાણે ન્હાવા જાય છે ત્યા દેદાના નામથી બહુજ કૂટે અને રોવે છે પ્રત્યક્ષ જાત અનુભવનો દાખલો હુ જ્યારે નાની હતી ત્યારે કાઠીઆવાડ દેશમા સફરા નદીના દક્ષિણ તટ ઉપર આવેલા ધવલપુર શહેરમા હાલારને નાકે સફરા નદીના ઘાટ પર એક દિવસ શહેરની કન્યાઓ એકઠી મળી ધૂળના ઢગલા કરી, તેને હાથ પગ માથુ વગેરે બનાવવામા આવ્યા હતા તેનુ નામ દેદો પાડ્યુ હતુ તેની એક માતા અને એક બ્હેન બનેલા હતા, અને એક છોકરી તેની પરણિત સ્ત્રી બની હતી દેદો માદો પડ્યો, તે વખતે ચાકર બનેલી છોકરી ડૉક્ટરને તેડવા દોડી, અને ડૉક્ટર બનેલી છોકરીને તેડી લાવી ડૉક્ટરે માંદગીવાળા દેદાને દેખી આમ તેમ ચાળારૂપે તપાસ કરી ધૂળની ફાકી આપી અને ચાલ્યા ગયા એટલામા તો માદો દેદો મરી ગયો તે વખતે તમામ કન્યાઓએ એકી વખતે પોકરાણ મૂકીને રોવા કૂટવાના જેવો કકળાટ કરી મૂક્યો બે હાથ વડે છાતી

તથા માથું કુટતા વચમાં ભુસકા મારી, ધ્રુસકે ધ્રુસકે રોવા લાગી, કેટલીએક એક બીજીના હાથ ઝાલતી હતી, કેટલીક છોકરીઓ ઓચિતી પડતી હતી આ પ્રમાણે પડી જવાથી હાથ પગ પણ ભાગે છે, છાતીમા લાગવાથી કેટલીક કન્યાઓને પિન્નસ જાતનો રોગ થાય છે, અને મોટી વયે તેના દુધથી સંતાન જીવતા નથી જુઓ આ દેદો કુટવાના ફળ દેદાની બનેલ વહુનો ચુડો ભાંગ્યો હતો, અને ખુણામા નાખી હતી, આવી રીત નાની ઉમરમાં જ રંડાપાની ઇચ્છા કરે તો પછી મોટી વયે પરણીને કેવી દશા થતી હશે ? પ્રભુ ! પ્રભુ ! આવા કુરિવાજો ટાળવાની હે નાથ ! કયારે સહાયતા કરશો ? આ તહેવારની આવી વાત છે ત્યારે આપણા પોતાના હાલ કેવા હોય તે વિચારવું કાંઇ મુશ્કેલ નથી જે ઝરામાથી પાણીનુ પાન કરી શક્તિ મેળવવાની છે, તે ઝરો પોતેજ ઝેરવાળો હોય, તોપછી જીવવાની આશા કયાથી ? તેમજ આવા તહેવારોમાથી આપણને ઉંધુ શિક્ષણ મળે, અને આપણુ અવળુ થાય તેમાં નવાઈ શું ? નાહી આવીને ઘેર આવ્યા પછી માતાઓ પોતાની પુત્રીઓને મિતાહારી મટાડે છે તે વ્રતને દિવસે નિત્ય કરતા વધારે ખોરાક ખવરાવે છે એટલુજ નહિ પણ હમેશાં નવ દસ વાગ્યે જમવાની ટેવ હોય છે, તેને બપોરના બાર ઉપર એક વાગ્યા સુધી ભૂખી રાખવામાં આવે છે. તે દિ-

વસે એક ઠેકાણે બેસી, દિવસમા એક વખત ભોજન કરવું. છોકરીને ભૂખ લાગે એટલા માટે તેની મા તેને ગોદડું પાથરી તે ઉપર બેસાડી જમાડે. ત્યાથી તેને ઉઠવા દેતી નથી તેથી તે કન્યાને મળમૂત્ર રોકવા પડે છે, જેથી રોગ થાય છે તે મોટપણે જણાય છે કેટલીક બાઇઓને સંતાન નહિ થવાનુ કારણ પણ આજ છે વળી સુવાડયા પછી જાગે એટલે બીજી વાર જમાડે છે તેમ કરતા ભૂખ લાગે તો ફરતા ફરતા ફળાદિક ખાવાની છુટ રાખવામાં આવે છે. આવી રીતે ભૂખના યોગથી ખૂબ ખાવામા આવે છે, તેથી અતિસાર વગેરે રોગ થાય છે કેટલીક વહેમી બ્હેનો એમ જાણે છે કે આવા વ્રત કરવાથી ભરથાર સારો મળે છે અને તેની સાસારિક જીંદગી સુખી થાય છે આ વાત કેટલે દરજ્જે ખરી છે તે વિવેકી બ્હેનો ! તમેજ વિચારી જોશો. આવા વ્રતો ઘણી કન્યાઓ કરે છે, છતા સર્વને સારો ભરથાર મળતો નથી કોઇને દુષ્ટ પણ મળે છે, અને તેથી બિચારી અબળા દુખી થાય છે કોઈકના ભરથારો તેમને તજી દઇને ભાગી જાય છે કઈકને રોગી ભરથાર મળે છે; અને કેટલીએકના ભરથાર મરણ પામે છે, તેથી તેઓ બાળવિધવા પણ થાયછે બ્હેનો ! સુખ કે દુખ મળવું એ આપણા પૂર્વભવના કર્મને લીધેજ છે આમ પકકું માનનારી બ્હેનો પણ આવા મિથ્યાત્વને વળગી રહે છે, તે ઘણું આશ્ચર્યજનક છે. કેટલીક ભોળા દિલની બાળાઓ આવા પ્રસંગે પોતાની

માતા પ્રત્યે પૂછેછે કે ' માતુશ્રી ! હુ તો એક કરતા વધારે વખત જમું છુ તો પછી આ એકટાણું શાનું ? શું આપણા શાસ્ત્રોમા આ પ્રમાણે એકટાણાં કરવાં કહ્યા હશે' ? " તેની માતા ગોટાળો જવાબ દઇને દીકરીને ફોસલાવે છે, તે વખતે પુત્રી કહે છે કે " નિયમ પાળવો એ સત્યતાથી પાળવો " આવા ખોટા એકટાણા કરવાથી આપણામા ખોટી છાપ પડે છે અને આવી નાની વયમા આવાં ખોટા આચરણોમા ફસાવાથી સદ્બુદ્ધિનો નાશ થાય છે ઠગબાજી વધે છે માટે સત્યસમાન બીજો કોઇ ધર્મ નથી બાળપણામાંજ માતાએ પોતાની પુત્રીને સત્ય શીખવવુ અને સત્ય પળાવવુ જોઇએ નહિતર માતા અને પુત્રી બન્ને પાપમા પડે છે બ્હેનો ! જુઓ આ છોકરીનુ ડહાપણ

મોળાકત કરવાનો હેતુ એવો જણાય છે કે, કન્યાઓને મોળુ ખવરાવવાની અને તેની સાથે એકટાણાની ટેવ પાડવાની હશે એકટાણામા કાઇપણ હરકત જાણવામા ન આવે તો ઉપવાસ, કરાવવાની ટેવ પાડવા માટે ઉપવાસ કરાતો હશે ઉપવાસ, એકટાણા અને મોળુ ભોજન ખાવામા અનેક ફાયદા છે વળી મુસાફરીમા કે સાસરે જતી વખતે વહેલુ મોડુ નિરસ મળે તો આવી ટેવને લીધે તેમના અતકરણમા દુખ ન થાય, તેમ શરીરે વ્યાધિ પણ ન થાય, તથા વ્રતોને દિવસે ઇંદ્રિયોને રોકતા શીખવવાનું હશે. કાંતો ઉચ્ચ ભાવનાઓ ભાવવાનુ હશે; કારણકે સ્ત્રી-

ઓની શુદ્ધ ભાવનાઓ ઉપરજ દેશોન્નતિનો આધાર છે, અને કન્યાઓમાથીજ ભવિષ્યમાં સ્રીઓ અને માતાઓ થવાની છે' તે માટે મોળાકત જેવાં વ્રતોને અસલના લોકોએ જરૂરીઆત તરીકે માનેલા જણાય છે પણ હાલમા તો તમે તેનો ઘણોજ ખરાબ ઉપયોગ કરો છો જેમ જુના જમાનામા હોળીનો તહેવાર ઋતુ ફેરને લીધે, શારીરિક બળ મેળવંવાનો હતો, તેને બદલે આધુનિક સમયમા નાના છોકરાઓ પણ ભુડી ગાળો દેતા શીખે છે, નાના મોટા નુકશાનો કરે છે, અને ઘણા લોકોને હેરાન કરીને ખુશી થાય છે તેમજ નિર્દોષ કન્યાઓને મોળુ વગેરે ખવરાવવામા ઉચ્ચ રહસ્ય સમાયેલુ હશે તેને બદલે હાલતો જેવી ફાગણ સુદિ ૧૫ પૂનેમ જેવીજ અષાડી પૂનેમ બાઇ માણુસને થઇ પડી છે શુ આપણી આર્ય બ્હેનોએ કુત્સિત વાકયો કે બિભત્સ બોલ બોલવા યોગ્ય છે? શાસ્રમા કહેલ છે કે—

नात्रापकार वाक्यानि वक्तव्यानि कदाचन

ભાવાર્થ—કદિપણુ શરમ આવે એવા ઉઘાડા કે હલકા વચનો બોલવા નહિ વળી બ્હેનો ! રવિવારનો કેવો ગેર ઉપયોગ થાય છે ? હુ એમ નથી કહેતી કે મોળાકતનો તહેવાર ન હોવો જોઇએ, પરંતુ કન્યાઓને કુટણુ કૂટવાનુ શીખવવામા આવે છે. તે ઘણુંજ ત્રાસજનક છે. જે વ્રત પાળવાથી આપણને ધર્મ થાય છે, એમ આપણે માનીએ

છીએ, તેજ તહેવારોમા આપણી પુત્રીઓને ગાળો દેતા, કે, રડતા કુટતા શીખવીએ તેના કરતા વધારે મૂર્ખાઇ કઈ ? આવી રીતે જ્યારે વાડ પોતેજ ચીભડા ગળી જાય ત્યારે બચવાના ઉપાય કયા રહ્યા? જે તહેવારોમા આપણી કન્યાઓને હૃદયમા સારા સારા બીજ રોપવા જોઇએ, તે તહેવારોમા ચોરી કરવા કે જુગાર રમતા શીખવવામા આવે, તેના જેવુ ખરાબ કયુ ? તો પછી સુધરવાનો રસ્તો શો ? જુગારનો જન્મ આવા તહેવારોમાથીજ થાય છે શરૂઆતમા કેટલાક વર્ષો પહેલા એ દિવસોમા મોજ મજા અને આનદને ખાતર શેતરજ, જ્ઞાનબાજી વગેરે નિર્દોષ રમતો રમાતી હતી પાછળથી પાઇ પૈસાથી રમવા માડયુ અને હાલમા તો એનુ પરિણામ શુ આવ્યુ છે કે જેઠ માસના દરેક રવિવારથી માડીને દિવાસા સુધી ઘેર ઘેર ઉઘાડે છોક જુગાર રમવામા આવે છે. આ વાતનો કોણ મર્મ જાણે છે ?

પ્રથમ બાળકીઓ કોડીઓથી રમે છે અને તેમના માબાપ રમાડે છે અને યુવાવસ્થામા ખરાબ રસ્તે ચડી તે ફંદમાં (જુગારમા) ફસાય છે અને જુગાર રમવાને ખાતર ઘરમાથી ચોરી કરે છે, અથવા તો પતિ પાસેથી પૈસા પડાવે છે પતિ પાસેથી કે ઘરમાથી ફતેહમંદ ન થાય તો જાર કર્મના અનર્થો આદરે છે શું શાસ્ત્રકાર કે નીતિકારનું આવું ફરમાન છે ? મોળાકત કે દિવાસાના

દિવસોમા જુગાર રમવું, એ સ્ત્રી જાતને ઓછુ લજ્જા-સ્પદ નથી, જ્યારે જુગાર રમવું એ ધર્મ કે નીતિની રીતિ નથી, તો સ્ત્રી જાતથી સ્વછંદીપણે જુગાર રમાયજ કેમ ? મોટા કુલિનઘરની શેઠાણીઓ પણ આ પર્વમા હાર જીતની રમત રમે છે આર્ય બ્હેનો ! હવે તો ચેતો અને તમારી આખ ઉઘાડો આવા પ્રસંગને લીધેજ નાની વયમાં જુગાર રમવાની ટેવ પડી જવાથી, આપણી આર્ય મહિલાઓમા જુઠ, ચોરી, પ્રપચ, જારી વગેરે અનેક દુર્ગુણો આવે છે, અને ખુન પણ થાય છે આવા તહેવારને લીધેજ આવા અનેક દુર્ગુણો વધે છે અને માબાપો પણ આવા જાહેર અનર્થોને અટકાવવાને બદલે ઉલટા આવા તહેવારોને અમલમા મુકવા ઇચ્છે છે આવા તહેવારોમા કેટલીએક અબળાઓ સ્વધર્મ (ફરજ)નો ત્યાગ કરીને અનીતિને રસ્તે ચાલે છે

જુગટાની રમત શીખવાનો સ્ત્રીઓનો મુખ્ય પાયો મોળાકત છે જુગારથી જુઠું બોલતા શીખાય છે અને જુઠું બોલનાર બ્હેન ક્રોધી હોય છે. આપણા પરમ પુજ્ય શ્રી મહાવીર ભગવાન કહે છે કે જુગાર રમનારની નર્ક સિવાય અન્ય ગતિ નથી, તો બ્હેનો ! હવે તો ચેતો નહિ ચેતો તો તમારા કરેલાં વ્રતો અને દીધેલા દાનો લેખે લાગવાના નથી સામાયક, પોષા, પ્રતિક્રમણ વગેરેથી કાંઇ વળવાનું નથી, પણ જો આવા કુરિવાજોથી અટકાવી, સારાં

વ્રતો કરતા શીખશો તો મહા લાભ થશે. કન્યાઓના કુમળા મગજમા શુદ્ધ ધર્મ અને સારા વ્રતો પાળવાની છાપ પાડવામા માતારૂપી બીબુ સારૂ હોવુ જોઇએ બીબુ સારૂ હોય તોજ છાપ સારી ઉઠે છે. તેમ માતા સારી અને સમજુ હોય તોજ તેના પુત્ર તેમજ પુત્રીઓ સારા થાય છે કહેવત છે કે.—

દોહરો

માત પિતા સુધરેલથી, સતતિ પણ સુધરાય,
ઉત્તમ બી ને જમીનથી, ઉત્તમ પાક પમાય

માટે સારી અથવા નઠારી સતતિ થવી તે ઘણે ભાગે તેમના માબાપ ઉપર આધાર રાખે છે

વળી વીર ભગવાને દર્શાવેલ માર્ગથી વિરૂદ્ધ વર્તી ખોટા વ્રતો ધારણ કરનારી, પોતાના આત્માને દુષ્ટ કરી, ધર્મને લજાવનારી, શ્રાવિકાઓથી શું ધર્મનો ઉદય થવો સંભવિત છે ? વળી મોળાકતના દિવસોમા કેટલીક છોકરીઓ ઘરેણા કે વસ્ત્ર સારૂ કલેશ કરેછે, રીસાય છે, ખાતી નથી, અને તેને ઇચ્છિત વસ્તુ મળે, ત્યારેજ સતોષ માને છે. આવી કન્યાઓ મોટી વયમા સાસરે જઇને સ્વતત્રપણે ચાલવાથી, સંસારનુ સુખ કયાથી દેખે ? અને વસ્ત્ર કે ઘરેણા સારૂ પતિને સંતાપે છે, તેથી પતિ નારાજ થઇ તેવી ભાર્યાથી દૂર રહે છે ઉપર પ્રમાણે જેઠ માસના ચાર પાંચ

રવિવાર પમાર કર્યાપછી આષાડ માસ બેસે છે. આષાડ માસમા ગૌરીપુજન માટે જવારા વાવેછે તેના ઉગતા અંકુરોમાં શ્રી વિતરાગદેવે અનતા જીવ કહ્યા છે. તે ઉપર હમેશાં પાણીનું સિંચન કરવું પડે છે, તે પાણીમાં પણ અસખ્ય જીવો છે, એમ વીર ભગવાન કહે છે જવ કે ઘઉં વાવવા માટે કોડીઆમા માટી પુરવી પડેછે, કે જે માટીમાં પણ અગણિત એકેદ્રિય જીવ રહેલ છે આ સર્વ જીવોની પોતાની પુત્રી પાસે વગર કારણે હિંસા કરાવી, તેને ભવભ્રમણના ફેરા કરાવવાનુ ઉત્તેજન અપાય છે આ પોતાના સતાનનુ હિત કે અહિત ? આ ગૌરી પૂજાનું માનેલુ વ્રત અજ્ઞાન સ્ત્રીઓને વહાલુ હોય છે અને તે દિવસમા કોમળ મનની બાળકીઓ દેદો કૂટવા હોળીના ઘેરૈયા જેવા ઘેલા શબ્દો બોલી આનદ માને છે, અને છેલ્લા પાચ એકટાણા રવિવારના જેવા કરેછે અને આષાડી પૂનેમને દિવસે ફળાહાર કરી ઉપવાસ કરાય છે. વિશેષ ફળ ખાવાથી ઘણા ગેરફાયદા થાય છે નાની છોડીઓ સાથે કેટલીક મોટી વયની સ્ત્રીઓ પણ આખી રાત જાગરણ કરી જ્યા ત્યા આથડે છે, અને બિભત્સ ગાણા ગાય છે જેવાં કે--

ફલાણી ભાભી આજ મારી ઘેરમા,
ફલાણા ભાઇની કાલે સોડમા
ઢોલોરે ગુજરાતી ઢોલો હેલારો વગેરે—

વળી કાનુડાના ગીત ગાવામા ધર્મ જાણી મનોવિકારને બગાડે તેવાં નીચે પ્રમાણે ગીતો ગાય છે.

વ્હાલોજી વગાડે વન વિષે વાસળીરે લોલ ? "
ગોપી ઝબકીને જાગી સુર સાભળીરે લોલ,
તેજ વાર સુતા સ્વામી મૂકી સોડમારે લોલ,
આવી કૃષ્ણજીની પાસ પૂરા કોડમારે લોલ

આતા ઉઘાડા વ્યભિચારના ઘણા ગાણા ભાવોર્મિઉત્પાદક જેવા છે આવી ખરાબ છાપ મનમા પડવાથી સંતોષવૃતિમા મન કેમ આવે ? પતિની ભક્તિમા પ્યાર કયાથી વધે ? સાસુ સસરાની સેવા કયાથી કરેજ ? પતિવ્રતાનો ધર્મ પાળેજ કયાથી ?

ગરબી

ગાય ગીત જે કુમારિકા ને કામનીરે લોલ,
કરી જાગરણને વીતાવે જામનીરે લોલ,
ગીત ધોળ ગરબા ને ગાય રાસડારે લોલ,
એવા ગાનાર જોનાર શિર ખાસડારે લોલ,
કાળો કેર કર્યો કાનુડાના નામથીરે લોલ,
બનાવી બહુ બિભત્સ બગાડી મતિરે લોલ,
કર્યો નેવકો સુનીતિનો નાશ ચિત્તથીરે લોલ,
વ્યભિચારને વધાર્યો વિષયી ગીતથીરે લોલ,

કઇક કાળજે કલત્ર[1] કરી વ્યાકુળીરે લોલ,
કામ જોસથી બતાવીને બેબાકળીરે લોલ

• આ રીતે એક કવિનું કહેવું યથાયોગ્ય છે શું બિભત્સ શબ્દે બોલતા તમે શરમાતા નથી ? શ્રી વિતરાગે કહેલ છે કે મન, વચન અને કાયાએ કરેલાં કર્મો ચોંટે છે. તો શું આમ બોલતા વચનના કર્મો તમને નહિ લાગે ? શું તમે પાપમા નહિ પડો ? પાપમા પડવાથી અનાચારમા ઉતરાય છે—

દોહરો

ધર્મ વિરૂદ્ધ જે આચરે, ધરે ન ધીરજ કાંઈ,
ધારે નહિ જીન વચનને, અધમ તેહ કહેવાય

જાગરણને દિવસે આખી રાત અવકાશ મળવાથી કેટલીક બાઇઓ વખતે ગેરવાજબી પગલા ભરવા પણ લલચાય છે અને ખુણે ખોચરે મતાઇ મખીઓને છેતરી પોતાનુ ધારેલુ કામ પાર પાડે છે વખતે કેટલીએક નાની છોકરીઓ પણ દેખાદેખીથી તેવા કામમા ઉતરે છે, અને મોટી થતા બગડે છે, આવી રીતે જાગરણમાં કુકર્મ કરીને તમે પોતે ધિક્કારને પાત્ર થાઓ છો, અને અતે તે કુકર્મોનો જવાબ તમારે આપવો પડશે, તેથી હજારો વર્ષ નર્કના દુખ ભોગવશો શરમની વાત છે કે તમે

---

૧ સ્ત્રી.

ઉચ માબાપની પુત્રીઓ આવા કુકર્મો કરો, બિભત્સ શબ્દો બોલો, સાભળો ને તેથી આનંદ પામો છો અને આવા હલકા કામમાં પોતાના બાળકોને ઉતરવાને પણ ઉત્તેજન આપો છો જાગરણ કરનાર સ્ત્રીને બાયલા પતિ તરફથી અટકાવવાનો કંઈ પ્રયત્ન થતો નથી, જેથી સ્ત્રીઓ જાગરણ કરવા દોડે છે, પણ પતિ તરફથી મના થતી હોય તો જઈ શકે નહિ એ પ્રમાણે જાગરણની રૂઢી બહુજ આજ કાલમા બગડી ગઈ છે, તે જો પોતાના માતાપિતા કે પતિ હાથમા લે તો ઘણોજ સુધારો થાય સદાચારથી ઉતરી ખોટે રસ્તે દોરાણા તેનુ કારણ પણ એજ જણાય છે, તમે દુખમય સ્થિતિ ભોગવો છો. તેનો હેતુ પણ એજ જણાય છે, આ શુ થોડી દીલગીરી ? સ્ત્રી જાતીને જાગરણ કરવુ એ મહા પાપ શાસ્ત્રમા ગણેલ છે

देवाग्रे जाग्रणेव पतति कुलवधु धर्म सिध्धांत मेतत्.

એટલે કે—દેવોની આગળ કે આવા રીવાજના જાગ્રણોથી ઉત્તમકુળની સ્ત્રીઓ પણ પોતાના ધર્મથી ભ્રષ્ટ થાય એવુ શાસ્ત્રમા લખેલ છે માટે બિલકુલ જાગ્રણ કરવા નહિ

બ્હેનો ! તમે આર્ય મહિલાઓ છો તેમ હાલના જમાના પ્રમાણે કેળવણી પણ પામેલા છો, તો હવે સુધરી ચાલો તો સારૂ

આટલા બધા વર્ષો થયા મહાત્માઓ ઉપદેશ દીધા કરે છે છતા એક ઘરને પણ બોધ લાગતો નથી. આનું કા-

રણુ બીજુ કાઈ નહીં પણ શાસ્ત્ર તરફ કે ઉપદેશ આપનાર ગુરૂ ઉપર પૂર્ણ શ્રદ્ધા નથી. જેટલી આ દુનિયામા સ્વાર્થી વકીલની વાણી પર શ્રદ્ધા, બ્રાહ્મણોના બતાવેલા વહેમ ઉપર શ્રદ્ધા, ભૂવાના બોલવા કે ધુણવા પર શ્રદ્ધા, મત્રજત્ર ઉપર શ્રદ્ધા તેટલી પણ આવા સદ્‌બોધ ઉપર કે નિસ્વાર્થી મહાત્માઓના બોધ ઉપર કમનશીએ શ્રદ્ધા ચોટવી નથી, એ દીલગીરીની વાત છે

. બ્હેનો ! સાભળો આષાડી પૂનેમે કન્યાઓના મોળાકત્ત વીત્યા પછી પરણેલી સ્ત્રીઓને દિવાસાનો દિવસ આવે છે તે પરણેલ સ્ત્રીઓ પાચ વરસ લાગલાગટ કરે છે તેનુ કારણ એવુ કહેવામા આવે છે કે તે વ્રતો કરવાથી સ્ત્રીનુ **एवातण** એટલે સૌભાગ્ય વધે અને પોતે અંખડ સૌભાગ્યવતી રહે

આ પર્વ માટે લોકોમા એવી કહેવત ચાલે છે કે—દિવાસો તે સો પર્વનો વાસો—આમ કહી સુદરીઓ અત્યંત આનદ માને છે, જવારા વાવે છે, પાણી પાઈ મોટા કરે છે, અતકરણમા ઉમગ આણે છે, દરરોજ સવારે ઉઠતાંવેંત તેને તપાસી પગે લાગે છે. જેના જવારા મોટા થયા હોય તે બહુ ખુશી થાય છે અને જેના જવારા બહુ વધ્યા ન હોય તે અતકણમા ખેદ કરે છે દિવાસાને દિવસે જવારા પાસે આખી રાત અખંડ ઘીનો દીવો બાળવામાં આવેછે તેમ સાચવવા માટે કોઠલામાં

મૂકવો પડેછે. તેમા ઘણુા કુદાઓ પડીને મરણુ પામેછે અને આવીરીતે ધર્મને બદલે પાપ ઉપાર્જન કરેછે, પણુ ખોટા રિવાજને છોડતી નથી વળી તે સ્ત્રીઓને દિવાસાને દિવસે ઉપવાસ કરવો પડે છે, એટલે આગલે દિવસે ઠાસી ઠાસીને પેટ ભરેછે અને એમ માને છે કે વધારે ખાવાથી બીજે દિવસ ભૂખ ન લાગે, પરંતુ વધારે ખાવાથી બીજે દિવસે સવારમા ઉઠતા વેતજ વડીનીત[1] કરવા જવુ પડે છે અથવા તો અજીર્ણ થઈ જાય છે, અને ઉલટી પણુ થાય છે તે દિવસે ઉપવાસ કર્યા છતા કેળા, દુધ, પેડા, બરફી, ચીભડા, કાકડી, ટોપરા વગેરેનો આહાર કરેછે, અને લાગતી વળગતી સ્ત્રીઓને જાગરણુ કરવા માટે નોતરા આપે છે ઘાણી કે તલસાકળી પણુ કરી દેવા પડે છે કેટલીક સ્ત્રીઓ ગામમા, બજારમા કે શેરીએ શેરીએ આખી રાત આથડયા કરે છે, અને બિભત્સ ગીત કે રાસડા ગાય છે. કેટલેક ઠેકાણે સ્ત્રીઓ જાગરણુમા પુરૂષનો વેષ લે છે બીજીને પોતાની સ્ત્રી બનાવે છે વાદીના વેષમા કરડીયામા બનાવટી સાપ વીછી વગેરે કાઢી, અધર ઉલાળી બીજી સ્ત્રીઓને બીવરાવે છે ઘણી વખત શરીરે ઘાસના પુળા બાંધી રીછ બની બે હાથ પૃથ્વી પર ખોડી ચાલેછે આખ મિચામણી, ટીટીટપો, છબાપડા વગેરે રમે છે આવી અનેક રમતો રમતા ઘણાં નુકશાન થાય છે. માટે બ્હેનો

1 દિશાએ જવુ

રમત છોડો કેટલીક સ્ત્રીઓ રાસડા લેતી વખત કૂદકી ફરે છે અને દોડાદોડ કરે છે, તેથી શ્વાસ ચડે છે અને આયુષ્ય ઘટે છે કોઇ પડી જાયછે તો હાથ પગ ભાગેછે લુગડા ખસી જવાથી બેઅદબી દેખાય છે એટલુજ નહિ પણ કેટલાએક નાના જીવોની પણ હિંસા થઈ જાયછે શું આપણા જેવા ઉત્તમ વર્ણને આવી રમત લાયક છે ? સ્ત્રીઓ ઉપર જાગરણરૂપી કાળું વાદળુ આવવાથી કામરૂપી વરસાદથી ભી જાવાની દહેશત રહેછે, અને કેટલીક કુલટાઓ પોતાના ગોઠવેલા જાર પુરૂષને એકાતમા મળે છે અને શિયળનો ભગ કરેછે જાગરણમાથી ઘરનુ બ્હાનુ કાઢી કેટલીક સ્ત્રીઓ અન્ય સ્થળે ચાલી જાયછે વળી કેટલીક જાગરણ કરવા માટે ગજીફે અને ચોપાટે અથવાતો જુગાર રમે છે રમતા રમતા વાધા પડે તો તકરાર થાય છે જુઓ જાગરણ કરતાં કેવો અધર્મ થાય છે ? વળી બીજો દિવસ પણ દિવાસાની સાથે સબધ રાખનાર હોવાથી, તે દિવસે પણ જાગરણ કરનારી સ્ત્રીઓને જાગવું પડે છે આખી રાત ઉજાગરો હોવા છતા, બીજે દિવસે પણ ઉંઘ લેવાય નહિ, અને રમત ગમતમા વખત ગાળવો પડે છે આવા ખોટા રિવાજને લીધે કેટલીક સ્ત્રીઓ માદી પડે છે, મગજ બગડે છે, અને ડેણડાકણ વળગી હોય એવા ચાળા પાડી મનમાં વહેમ રાખે છે. પણ બે દિવસ અને એક રાત્રી જાગવાથી, કેટલીક સ્ત્રીઓને હીસ્ટીરીઆ જેવાં ચિન્હો થઇ આવે છે, જેને લોકો ડાકણ વળગી માને છે.

કામવિકારની લાલચવાળા પુરૂષો જાગરણની રાત્રે સ્ત્રીઓ પછવાડે આમ તેમ ફરી પોતાનો બુરોહેતુ પાર પાડેછે

મિથ્યાપર્વ ત્યાગવા વિષે.

" હું તો અંબીકાજી પૂજવાને નીસરીરે લોલ. " એ દેશી.

કરૂ વિનતી તે બેની ધ્યાને ધારજોરે લોલ,
વાચી નિજચિત્ત માહી વિચારજોરે લોલ.
કરે વ્રત ધરી પ્રેમ ઉરમા અતિરે લોલ,
વહેમી બની છે બહુ એહની મતિરે લોલ ૧
ઘણી જાત તણા વ્રત કરે કામનીરે લોલ,
ગોરી ભેગી મળી આખા ગામનીરે લોલ.
વહેમ વાર તીથી ન પર્વ પાળતીરે લોલ,
ભોળી કીધાં કર્મો એમ ટાળતીરે લોલ ૨
મોળાકત વિષે કુમારિકા ભુખે મરેરે લોલ,
બાઇ મોળુ એકટાણુ સ્નેહથી કરેરે લોલ,
એવરત તો દિવાસાને દિને કરેરે લોલ,
ફેરી આઠી ગામમાં બહુ હરે ફરેરે લોલ. ૩
મળી માનુની જાગે છે આખી જામનીરે લોલ,
ગીત ગાએ મળી ગોરી આખા ગામનીરે લોલ,
કાનુડા વિના બીજા તો ગીતો ના આવડેરે લોલ,
ગીત વિષય તણા એક આવડેરે લોલ ૪
ટોળી મર્દની ઉભી રહે પાસે મળીરે લોલ,
તોય બધ ગાતિ થાય નહિ તે જરીરે લોલ.

ઉભા મર્દ કરે દાત કાઢી મશ્કરીરે લોલ,
તોએ શરમાએ નહીં ટોળી લશ્કરીરે લોલ ૫
બથંબાથ સામી બાઝતી બહુ બકીરે લોલ,
ધરે નહિ લેશ લાજ મદમા છકીરે લોલ,
જેના શબ્દ સુણી લાજી મરે જન સહુરે લોલ,
ઉચરે એવા ઉચ્ચાર મુખથી બહુરે લોલ ૬
શરમ માત તાત તણી દિલે ના ધરેરે લોલ,
આકેલ ખુંટડાની પેઠે જાણો તે ફરેરે લોલ,
એવા વ્રત કરે વિવિધ પ્રકારનારે લોલ,
છેક જે જણાય ભ્રષ્ટ તે આચારનારે લોલ ૭
માટે વિનતિ કરૂ તે એની સાભળોરે લોલ,
દૂર થાય જેથી અનીતિ તણા મેડારે લોલ,
એવી નારી સાથે નેહ નહિ રાખવારે લોલ,
પુસ્તકો વાચીને નીતિ રસ ચાખવારે લોલ ૮
સારા નીતિ તણા ગ્રંથ નિત્ય વાચવારે લોલ,
વહેમી ચાલને વિચારી ઝટ ટાચવારે લોલ,
કોઇ રીતે મિથ્યાપર્વ કરવાં નહિરે લોલ,
તેમાં ફળ તો કાઇ દીસે નહિરે લોલ ૯
નથી પુણ્ય એવા પર્વથી સંસારમાંરે લોલ,
જવુ પડે જરૂર નરક તણા દ્વારમાંરે લોલ,
લલ્લુ વિનંતિ ધ્યાન રૂડી ધારજોરે લોલ,
સ્વર્ગ સુખનો લેશો તમે વારજોરે લોલ ૧૦

હે બ્હેનો ! તમારામાંથી આવાં વ્રતો ક્યારે નાશ પામશે ? અને તમે અમલ રસ્તાપર ક્યારે આવશો ? શાસ્ત્રાનુસાર જોતાં જૂના જમાનામાં જાગરણ હતુંજ નહિ જાગરણની ઉત્પત્તિ થવાનું કારણ એવુ જણાય છે કે કોઈ સ્ત્રીને ઝેરી જાનવરનો દંશ થયો હશે તેથી તેને આડોશી પાડોસી તથા લાગતા વળગતા મળી આખી રાત ગીત ગાઇને તે બાઇને જાગ્રત રાખી હોય કારણકે તેને વાદળાં કે વર્ષાઋતુમાં માથાનો દુખાવો થાય નહિ આવા કારણને લીધે આજે પણ તેમ કરવામાં આવેછે, તે ઉપરથી જાગરણનો પ્રચાર થયો હોય તેમ સંભવે છે

જેમકે ગઈસાલ (સંવત્ ૧૯૬૮) આખા દેશમા ભાઇનો ભાર ઉતારવા બ્હેનોએ સાકર અને ટોપરૂ આપેલછે આવી રીતે પાંચ વરસ સુધી કરવામાં આવે તો તે પણ એક જુનો રિવાજ થઈ જાય અને મનાય આવીજ રીતે કેટલાક કુરિવાજો ઉત્પન્ન થયા છે તેનો ખરો તપાસ કોણ કરેછે ?

બ્હેનો ! ખરાબ રિવાજ તોડવા જોઇએ આજથી આશરે બસેં વર્ષ ઉપર ટીબેટમા નોમેખાન નામે એક રાજા થઇ ગયોછે તે સખત અને કરડો રાજ્યકર્ત્તા હતો તે વખતે ટીબેટની સ્ત્રીઓમાં રૂપ ઘણુંજ હતુ જેથી તેઓને મોજશોખ અને ઘરેણા બહુ ગમતા હતા અને તે મોજ શોખમાંથી લોકોમાં અતિ અનીતિ ભરેલાં કામો ઉત્પન્ન થતાં તે બેહદ હતાં, ધીમે ધીમે ટીબેટના ધર્મગુરૂના પવિત્ર કુળમાં

પણ અનીતિએ પેસારો કર્યો બૌધ ધર્મના પવિત્ર ધર્મ-ગુરૂઓ તેમના સાચા અને કઠણ માર્ગ પ્રમાણે ન ચાલતાં મોજમજામા અને શોખમાં લપટાઇ ગયા ને દુષ્ટ કર્મો કરવા લાગ્યા

તે દુષ્ટ કર્મ અટકાવવા માટે નોમેખાને એક ધારો પસાર કર્યો તે ધારામા લખ્યુ હતુ કે હવેથી મારા રાજ્યમા કોઈ પણ સ્ત્રીએ ઘર બહાર નીકળવુ નહિ એમ સખત મના કરવામા આવે છે કદાચ ઘરમાથી બહાર નીકળવાની જરૂર પડે તો ઘરમાથી નીકળ્યા પહેલા પોતાનુ મો કાજળ કે કોયલા વડે કાળા અને ચીકણા કરવા, કદરૂપા અને બિહામણા મુખ કરી બહાર નીકળવું. આ રીતરિવાજ મુજબ ચહેરા પર રંગવાની ફરજ પાડી, નીતિ અને ધર્મ સાચવવાને આ નવાઇ જેવો ધારો પસાર કરવામા આવ્યો અને જે આ કાયદો તોડે તેને ભારે શિક્ષા કરવાનો ઠરાવ કર્યો આ ધારો જરા પણ આનાકાની કર્યા વગર સ્ત્રીઓએ પાળવા માડયો કાયદાને અનુસરીને ચાલતા પોતાના મો કાળા કરવા લાગી એમ પાચ સાત પેઢી સુધી ચાલ્યું પાછળથી આ રીતને ધર્મની બાબત તરીકે ગણી તેમજ કરવા લાગી. મો કાળા કરવા એ એક ધર્મની નિશાની થઇ પડી, જે સ્ત્રીઓ પોતાના મો વધારે રંગીને કાળા અને કદરૂપા કરે, એ વિશેષ ધર્મિષ્ટ ગણાવા લાગી. આ કુરિવાજને હાકી કાઢવા એક ધર્મગુરૂ-

ણીજીએ તેનુ મૂળ શોધી, ગામો ગામ ફરી, ઉપદેશ આપી, તે રિવાજ નાબુદ કર્યો આવા કુરિવાજને કઈ સ્ત્રી વળગી રહે ? એકે નહિ. તેમજ આપણા દેશમા જાગરણનો રીવાજ થયો જણાય છે આટલા દિવસ અજ્ઞાન હતા હવે જાણકાર થઇને કાળા મોઢા રૂપ જાગરણ કાઢી નાખો તો ઠીક

વળી આવી કઈ મૂર્ખ સ્ત્રી હોય કે ખારા કુવાના પાણીને વળગી રહે એક ગામમા બસો ઘરની વસ્તી હતી ગામને પાદર એકજ ખારો કુવો હતો અન્ય ગામના લોકો તો આ કુવાનુ પાણી પી શકતા નહોતા એટલુ બધુ ખારૂ કે ન પુછો વાત

એ ગામનો એક છોકરો પરદેશ ગમન કરી પૈસા મેળવી ઘેર આવ્યો અને પૈસાનો સદુપયોગ કરવા અને લોકોને સુખી કરવા એક નવો કુવો ખોદાવ્યો તેમા સ્વચ્છ અને મીઠુ પાણી નીકળ્યુ અને ગામની તમામ સ્ત્રીઓ તે પાણી ભરવા લાગી અને પેલા ખારા કુવાનુ પાણી ભરવુ તજી દીધુ તેમ તમો અજ્ઞાનને લીધે ખારા કુવારૂપ જાગરણ કરતા હતા, પણ હવે તો કેળવણીરૂપ મીઠો કુવો થયો છે માટે જાગરણ છોડી નીતિજ્ઞ બની સુખી થાઓ

શુ બહેનોએ કુત્સિત વાકયો કે બિભત્સ શબ્દો બોલવા યોગ્ય છે કે ? જાગરણના દિવસોમા જ્ઞાનોપદેશ અને ધર્મોપદેશ આપવામા બુદ્ધિનો ઉપયોગ કરવો પણ ખરાબ ગીત કે ગરબા ગાવા નહિ, ખોટો મમત્વ રાખવો નહિ,

અને કજીઓ કે કુસંપ કરવો નહિ મોળાકત કે એવરત (દિવાસો) જેવા વ્રતો કરી સુખી થવાનો ખોટો વિશ્વાસ રાખવો નહિ મનુષ્ય જાત જેવી સદ્ગુણથી શોભે છે તેવી ઘરેણા લુગડા કે પર્વોથી શોભતી નથી આવા દિવસોમા તો પ્રભુ પર પ્રેમ, તેમની પ્રાર્થના, પરલોકનો ભય, સ્વજાતિ ઉપર સ્નેહ અને સર્વ પ્રાણી ઉપર સમાન દ્રષ્ટી રાખવી જોઇએ પણ ખરાબ શબ્દો કે રાસડા ગાવા નહિ અને સારા રાસડા ગાવાની શાસ્ત્રકાર મના કરતા નથી માટે રાસડા ગાવા હોય તો નીચે લખેલ છે તેવા નીતિના રાસડા ગાવા.

મોળાકત અને દીવાસાના દિવસોમાં ગાવા યોગ્ય નીતિ ધર્મના રાસડા.

રાસડો ૧ લો.

આવોને દીનદયાળ રમવા આવોને રે, એ રાગ.

ભજીએ શ્રી મહાવીર, સુંદર જે જગતારૂ
ભજીએ ધર્મ શરીર, સુંદર જે જગતારૂ એ ટેક
ત્રિસલાનંદન છે જગવંદન, કર્મ નિકંદન છે શીતચંદન
કરીએ નિત્ય અભિવંદન, સુંદર જે જગતારૂ ભ૦ ૧
જન્મથકી ત્રય જ્ઞાન વર્યુ છે, નામ રૂડુ વર્ધમાન ધર્યુ છે
અમૃત વચને ભર્યુ છે, સુંદર જે જગતારૂ ભ૦ ૨
માતપિતા સુખકાર થયા છે, સર્વ જીવો પ્રતિ શુદ્ધ દયા છે
વડિલને વચને રહ્યા છે, સુંદર જે જગતારૂ ભ૦ ૩

જાણી અસાર ન સાર અકારો, અણગાર થઈને તજ્યા ઘરબારો
તરીઆ અમને તારો, સુંદર જે જગતારૂ ભ૦ ૪
વસમા વરસા સાડાબારે, તપથી કાપ્યા કર્મ અઢારે
કેવળ જ્ઞાની પ્યારે, સુંદર જે જગતારૂ ભ૦ ૫
લોક હિતારથ ધારી ધારી, ઉત્તમ ધર્મ બતાવ્યો ભારી
સિદ્ધપદે બલિહારી, સુદર જે જગતારૂ ભ૦ ૬
ધર્મે જૈન ગ્રહીને તરવું, ધારી દયા સઘળુ શુભ કરવું
શોધી માર્ગ વિચરવુ, સુદર જે જગતારૂ ભ૦ ૭

રાસડો ૨ જો.

સાત વાર.

'મારારે સ્વામી મારાથી છોટા' એ રાગ.

પતિવ્રત પ્રેમ થકી ધરવું, બીજુ વ્રત એનો પછી કરવુ
પતિવ્રત પ્રેમ થકી ધરવુ, એ ટેક
સોમે સખી સાસુજી સંતોષો દાટો વાધો વેધ વળી ધોખો,
સંગ વગે ભાવ ધરો ચોખો પતિવ્રત૦ ૧
મંગળ મારા નાથ તણું થાજો, અમંગળ પાપ દૂરે જાજો,
વારે વિતરાગ ધરમ ધાજો પતિવ્રત૦ ૨
બુધે બુદ્ધિ ધર્મ વિષે ધારો, મોહ મદ માન સદા મારો,
રૂડો સંપ કદીએ ન વિસારો. પતિવ્રત૦ ૩
ગુરૂવારે ગુણકારી ધર્મ ગુરૂ, નમો નિત્ય તેહ છે સુરતરૂ,
સતિ સંગ રહેવુ એજ ખરૂં પતિવ્રત૦ ૪

શુક્રવારે સ્વચ્છ સુઘડ થાજો, નીતિ ધર્મ ગીત પ્રીતે ગાજો,
વેરી કોઇ જીવના નવ થાજો પતિવ્રત૦ ૫
શનિદાર કામ કરો હાથે, હજારોની હાણ છે પરહાથે,
ફોગટ ફૂલી ઋણ ન કરો માથે પતિવ્રત૦ ૬
રવિ ધર્મસ્થાને જવું રોજે, ચોરો નથી શાણી અખી જોજે,
વારો ગણી વેઠ ન તક ખોજે પતિવ્રત૦ ૭

રાસડો ૩ જો.

"મા પાવા તે ગઢથી ઉતર્યા મહાકાળીરે" એ રાગ.

સુતાઉઠી શુભરીતથીસાહેલીરે,પરમેશ્વરભજવાપ્રીતથી સાહેલીરે
પછી દાતણ પાણી થાયછે ,, જેથી દુગધી દુર જાય છે ,, ૨
નહાવુ નિત્ય નિર્મળ નીરથી ,, સઘળો જાય મેલ શરીરથી,, ૩
સતોષે જમીએ જે મળ્યું ,, નહિ ખાઈએ નિત્ય ગળ્યું ,, ૪
પટકુળ ઝીણા નહિ પહેરીએ,, ગાવા ન જવુ પરશેરીએ ,, ૫
આભરણ ઝાઝાનહિ ઇચ્છીએ,, સદ્ગુણની શોભા પ્રીછીએ ,, ૬
નિર્લજ્જની શોબત છોડીએ ,, વહાલાથી વેર ન જોડીએ ,, ૭
સઘળુ સરખુ નહિ લેખીએ ,, દિલમા ડાહ્યા થઇ દેખીએ,, ૮

રાસડો ૪ થો.

"જે કોઇ અંબિકાજી માતને આરાધશેરે લોલ" એ રાગ.

સુણો શીખવા વિવેક, એક વાતડીરે લોલ,
છુટે મૂખપણુ છેક, ખુલે છાતડીરે લોલ ૧

ગુંથ્યા ગુણ ભરેલા ગ્રંથ ભણો ભાવથીરે લોલ,
પામો સ્ત્રી સતીના પંથ, તે પ્રભાવથીરે લોલ ૨
તજો વહેમ ભરી વાત, વહેમીએ કહીરે લોલ.
ભૂત પ્રેત ને પિશાચ, સાચ છે નહિરે લોલ ૩
દોરા ચીઠી મંત્ર જંત્ર, જુઠ જાણજોરે લોલ
આશા ટુચકાના તંત્રમાં, ન આણજોરે લોલ ૪
દેતા દામ કરે કામ, દેવ દેવીઓરે લોલ
ઠેલે લોક ઠામ ઠામ, વાત એવીઓરે લોલ ૫
કરી મેળ વરખ કુંભ, ઠગે જોશીઓરે લોલ,
ઝાડા ઉજાણીને દંભ, ઠગે ડોશીઓરે લોલ ૬
કંઇક પુત્ર પુત્રી કાજ, ખત્તા ખાયછેરે લોલ,
તજી લાજ જોગીરાજ, પાસે જાયછેરે લોલ ૭
વશીકરણ કેરી વાતથી, લુટાયછેરે લોલ,
ભોળી ભામનીની જાત, તે ઠગાયછેરે લોલ ૮
ખરૂં માનીને ખચિત, ચિત્ત ચેતજોરે લોલ,
ધરો ગાવા આવા ગીત, હૈયે હેતજોરે લોલ ૯
જશે ભુલ ભર્યા ભર્મ, મર્મ જાણશોરે લોલ,
પાળવા પવિત્ર ધર્મ, ઇચ્છા આણશોરે લોલ ૧૦
ભજો રાજા ધિરાજ, મહારાજનેરે લોલ.
થશે કાજ વળી આજ, પામો લાજનેરે લોલ ૧૧
તજો તુચ્છ જેવી ટેવ. અહમેવતારે લોલ,
રીઝે દલપતનો દેવ, દેવ દેવતારે લોલ ૧૨

રાસડો ૫ મો.

ઇતિહાસની આરસી સાહી, મેં જોયું માંહી, એ રાગ.

સંસાર વિષે મહુ સુખ ઇશ્વર આપોને, દિલડાના ટાળો દુ ખ કુમતિ કાપોને,
સઉ સ બંધીમા સ પ ઇશ્વર આપોને વળી જીવમાઆવે જ પ કુમતિ કાપોને

ભણવા ગણવાનુ ભાન ઇ ,, ગુણવતુ આપી જ્ઞાન કુ ,,
કોડીલો રૂડો કંથ ઈ ,, વળી પવિત્ર આપી પથ કુ ,,૧
ઘરડો સસરોઘર માહી ઇ ,, કકાસ ન ઉપજે કાહી કુ ,,
સાસુ ગંગાજળ શુદ્ધ ઈ ,, વિચરૂં નહિ વચનવિરૂદ્ધ કુ. ,,
જશાવત રૂડો જેઠ ઇ ,, ઠરવા મઝીઆરો ઠેઠ કુ ,,
જેઠાણી કેરી જોડ ઈ ,, કરવાને પુરા કોડ કુ ,,૨
દિયર દિલનો દરીઆવ ઈ ,, દેરાણી રાણી રાવ કુ ,,
પ્યારી પુત્રી ને પુત્ર ઈ ,, સારૂ ચાલે ઘરસત્ર કુ. ,,
નાની નણદી નણદોય ઇ ,, જીવમા હુ હરખુ જોઈકુ ,,
વળી વેવાઇ ને વેવાણ ઈ ,, સદગુણવાળા સુજાણ કુ ,,૩
સજજનને શુદ્ધ જમાઇઈ ,, દઇ કથને ઘણી કમાઈ કુ ,,
ઘાટડીઆળી ઘેર વહુ ઈ ,, દઈ બાળક બીજા બહુ કુ ,,
અધિકો નિત્યે ઉદ્યોગ ઈ ,, રૂઢીઆના ટાળી રોગ કુ ,,
સારી સાહેલીનો સંગ ઇ ,, આપી અધિકો ઉમ ગ કુ ,,૪
વળીનિર્ભયનગરનિવાસઇ ,, આગણીએ દઇ ઉજાસ કુ. ,,
દિવાળી જેવા દિન ઈ ,, દઈ ઉત્સવ નિત્ય નવીન કુ ,,
હૈડામા હર્ષ હમેશ ઈ ,, વધતો તે થાય વિશેષ કુ. ,,
પ્રભુભક્તિમાપણભાવ ઇ ,, કદી બને ન જુઠ બનાવ કુ ,,૫

પરિપૂરણગુતમારોપ્યારઈ ,, આપી અમને આધાર કુ ,,
લોકોમાં રૂડી લાજ ઈ ,, વળીઆપીઅખુટઅનાજ કુ. ,,
વળીસુધર્મમા વિશ્વાસઈ ,, કાપી સઘળો કકામ કુ ,,
અંતરથી માગે આમ ઈ ,, દીનતાથી દલપતરામ કુ ,,૬

રાસડો ૬ ઠો.

" રઘુપતિ રામ રૂદેમાં રહેજોરે " એ રાગ.

સખી પડવે પરમેશ્વર ભજીએરે,જુઠી જગની જ જાળોનેતજીએરે
શુભ શીયળ ભૂષણ સજીએ, નાભી નૃપ નદને નીત્ય નમીએરે
સખી બીજે બે બધન ટાળોરે, રાગ દ્વેષને તરત પ્રજાળોરે
દયા સર્વે જીવની પાળો, નાભિ નૃપ૦ ૨
સખી ત્રીજે ત્રિલોકનો નાથરે, ભજો ભાવથી છે સુખદાતરે,
છોડી છળ કપટની વાત, નાભિ નૃપ૦ ૩
સખી ચોથે ચતુર થઇ ધર્મરે, થઇ વિનીતને હળવા કર્મરે,
ભૂલો ભાન કદિ નહિ ભરમે, નાભિ નૃપ૦ ૪
સખી પાચમે પાચ પ્રમાદોરે, વળી પચ વિષયના સ્વાદોરે,
ત્યાગો ધર્મના વાદ વિવાદો, નાભિ નૃપ૦ ૫
સખી છઠ્ઠે છેતરશો ન કોનેરે, કદી છેતરે તમને કો છોનેરે,
શુદ્ધ સરલ સ્વભાવે રહોને, નાભિ નૃપ૦ ૬
સખી સાતમ સમતા આણીરે,કરો સામાયક શુભ જાણીરે,
કરો સમજીને ધર્મ કમાણી, નાભિ નૃપ૦ ૭
સખી આઠે કરમના વતારે, દેવ એજ ગણો ભગહંતારે,
જાતા શરણ આવે અઘ અતા, નાભિ નૃપ૦ ૮

સખી નોમે તત્વો નવ જાણોરે, જાણી પરહરજો પાપ સ્થાનોરે,
ભાખ્યું ભગવાને તે સત્ય માનો, નાભિ નૃપ૦ ૯
સખી દશમે તે દશ વિધ લેખોરે, શુદ્ધ સંતનો ધર્મજ પેખોરે,
એવા સંત તપાસીને દેખો, નાભિ નૃપ૦ ૧૦
સખી એકાદશે જે અગીઆરે, પડીમા શુભ શ્રાવક ધારેરે,
તે તો ઉતરશે ભવ પારે, નાભિ નૃપ૦ ૧૧
સખી બારશે ભાવના બારેરે, રૂડા સજ્જન ચિત્ત વિચારેરે,
દયા દાનને ધ્યાન વધારે, નાભિ નૃપ૦ ૧૨
સખી તેરશે પરનર રમનેરે, વધે વ્યાધિ આપે અપજશનેરે,
ભજ સ્વામીની સેવા સરસને, નાભિ નૃપ૦ ૧૩
સખી ચૌદશે ચૌદ ગુણ ઠાણારે, જેમા આત્મસ્વરૂપ સમાણારે
તે તો સિદ્ધ પદે નોધાણા, નાભિ નૃપ૦ ૧૪
સખી પૂનેમે પદર ભેદેરે, સિદ્ધ થાય વળી ત્રણ વેદેરે,
એથી જન્મ મરણ ભવ છેદે નાભિ નૃપ૦ ૧૫
સખી પદર તિથિ કહી ભાવેરે, વરતે તે સરસ સુખ પાવેરે,
[1]શુક કહે ભવ પાર તે જાવે, નાભિ નૃપ૦ ૧૬

રાસડો ૭ મો.

" ઓધવજી સંદેશો કેજો શ્યામને " એ રાગ.

સોળ સતીના ચિત્રો ધ્યાને ધારજો એ ટેક

કારતકમાસેકરવાંકામો ધરતણા, રાખીજતના રાખીરૂડું ચિત્તજો
માગશરે મન મેલ બધોએ મૂકવો, રહેવુ સંપધારી ધર્મપ્રીત જો
સોળ સતીના ચિત્રો ધ્યાને ધારજો ૧

---

૧ શુક એટલે પોપટ

પોષે પોષો પાળો પામર પ્રાણીઓ, ઘાનહિ કોઇદીનજનોનેદુઃખજો
માહામાસે માબાપનહિ તરછોડતા,કરી ચાકરી આપેતેને સુખજો
સોળ સતી ૨

ફાગણમાસેફૂલણજીબનશોનહિ,ગજાઉપરવટવાપરજોનહિદામજો
ચૈતરમાસેવ્યવહારેચતુરથજો, ક થકહ્યામારહીદીપાવજોનામજો
સોળ સતી ૩

વૈશાખેવ્હાલાબાળકમ ભાળજો, નહિદેશોકદિબાળોતેમજમારજો
જેઠે જુગતેથી કેળવજોતેમને, ધીમેધીમે ધારીનિર્મળ પ્યારજો
સોળ સતી ૪

આષાડેઅળગીકરજો ઇર્ષાખધી, ચાડી ચુગલી વાધાવચકાસર્વજો
શ્રાવણમાંસાલસથઇચાલોસ્નેહથી,ધનદોલતનોતજજોસઘળો ગર્વજો
સોળ સતી ૫

ભાદરવેભડથઇનેદારકઆપવી, સાસુસસરાનણંદદિયરઘરનાથજો
આસોઆખરઆસ સારઅસારછેક ઇનહિસાથેપાપપુણ્યજશાહાથજો
સોળ સતી ૬

અધિકેઅધિકીઅક્કલધર્મેધારવી,ધર્મસમોનહિસુખદુખમાઆધારજો
રૂઓફટો ખીજોશાને કારણે, સ તોષીને સઘળે સુખ ભ ડારજો
સોળ સતી ૭

બારેમાસવિચારોઅવગુણઆપણા,સાધુસાધવીસેવોપ્રીતિસાથજો
સતિનેમાથેહોયનહિકાંઇશી ગડા,શુભલક્ષણતેસતિનેનાસુપાયજો
સોળ સતિ. ૮

રાસડો ૮ મો.

" સુણજો સજનીજીરે " એ રાગ.

આઠ વર્ષની ઉંમર પામી, બાલપણું તમે છોડોજીરે
કન્યાશાળે અહોનિષ જઈને, ભણતરમા ચિત્ત ચોડો
કુમારી બ્હેનોજીરે એ ટેક ૧
શરીરની સુદર વસ્ત્રોથી, મર્યાદા સાચવીએજીરે
સારી સખીની સોબત કરીએ, જુઠ કદી નવ લવીએ. કુ૦ ૨
પ્રભાતે ઉઠીને બ્હેનો, માત પિતાને નમીએજીરે
ઘર છોડીને શેરી પર ઘર, કામ વિના નવ ભમીએ કુ૦ ૩
માતાજી જે કામ શીખાવે, તેમા ધ્યાનજ દઈએજીરે
વખત થાય ત્યા જૈનશાળાએ, રજા લઇ નિત્ય જઈએ કુ૦ ૪
ભણાવનાર શિક્ષકને બેનો, હાથ જોડીને નમીએજીરે
જેથી વિદ્યા અધિક આવડે, વળી તે સહુને ગમીએ કુ૦ ૫
સામાયિક શીખો મન હોશે, અર્થ હૈયામા ધારીજીરે
પ્રતિક્રમણ પણ પૂરણ કરવા, શીખ ધરો આ મારી કુ૦ ૬
ગામમાહિં જો સાધુ સાધ્વી, બિરાજતા તમે જાણોજીરે
દર્શણ કરવા કદી ન ચૂકો, શીખામણ એ આણો કુ૦ ૭
જવારા જાગરણ નવ કરીએ, ગરબાને નવ ધરીએજીરે
ઉભ ચોથ દોરા નવ લીજે, પાપી ઢોગ પરહરીએ કુ૦ ૮
ગંજીપો ચોપાટ ન રમીએ, વળી જુગટુ તજીએજીરે
ધર્મ દિવશમાં ધર્મ પુસ્તકો, વાંચીને વીર ભજીએ કુ૦ ૯

પ્રભાતે ને રાત્રે સૂતા, નવકાર મુખથી ગણીએજીરે
દાતણ ને જમણ વેળાએ, તેજ મત્રને ભણીએ કુ૦ ૧૦
રાત્રિ ભોજન કદિ ન કરીએ, કદમૂળને ત્યાગોજીરે
શ્યામ મુની કહે શીખ સુણીને, ધર્મ માર્ગે લાગો કુ૦ ૧૧

આવા નીતિના ગાયનો ગાવા જોઇએ જયા સૂધી આપણી આર્ય મહિલામા જડપૂજા, ભૂત, પ્રેત, નદી, તળાવ, પહાડ, નાગ, અગ્નિ, માટી, પત્થર, પિત્તળ, કાગળ વગેરે મનાય છે, ત્યા સુધી પતિપૂજા કે પ્રભુપૂજામા મન લગાડશે નહિ વેદ કે જૈન શાસ્ત્ર જડ પૂજામા ધર્મ માનતા નથી જડ પૂજામા અજ્ઞાનીઓ ધર્મ માને છે પણ વિદ્વાનો અને જ્ઞાની પુરૂષોએ કોઈ પણ કાળમા જડ પૂજાની ધર્મમા ગણત્રી કરી નથી વિષ્ણુ, શિવ કે તિર્થંકરો હતા ત્યારે જડપદાર્થની પૂજા હતીજ નહિ પ્રકાશની સાથે અંધકાર હોયજ નહિ હાલ જે જડ પદાર્થની પૂજા જોવામા આવે છે તે અધકારના જમાનાનુ ચિન્હ છે માટે અજ્ઞાનતા મટાડી સ્ત્રીઓમાં જ્ઞાનબીજ રોપવાની ઘણી જરૂર છે જ્ઞાન મેળવવાથી તેઓ પતિસેવામાં તત્પર અને પ્રભુ ભક્તિમા પરાયણ બનશે તેથી જડ પૂજા કાઢી નાખી પતિની સેવારૂપ મોળાકત અને પ્રભુની ભક્તિરૂપ દિવાસો ગાળો કે જેથી તમારૂ શ્રેય થાય. જડ પૂજાને લીધેજ આપણી આર્ય મહિલાઓમાં જાગરણ અને વહેમની વૃદ્ધિ થઇ છે.

વ્હેમ અને વ્યભિચારના, ગાજી ગરબા ગાય,
મોળાકત એવરતમા, નીચ બને છે બાઈ,
ભેળી મળી દશ બાર તો, રખડે આખી રાત,
જેમ ઓખરીયા ઢોર છે, તેમ વ્યભિચારની વાત

બ્હેનો ! આનંદદાયક દિવસોમા ખરાબ અને નુકશાન-કારક શબ્દો બોલતા શરમાતી નથી અને જાગરણ કરોછો તે શુ સારૂ કહેવાય ? ચગોઠી જેટલો અગ્નિ મોટા મહેલ અને આખા શહેરને સળગાવી રાખ કરી નાખે છે આ ખમા ઝીણામાં ઝીણું રજકણ (કાણ) પડે તો આખને જોખમ કરે છે ઉત્પન્ન થતા રોગનો તરતજ ઉપાય કરવામા ન આવે તો ત મટવો દુષ્કર થઇ પડે છે માટે થોડા પણ મિથ્યાત્વને તાબે ન થવા સૂચવુ છું જાગરણ પતિવ્રતા સ્ત્રીઓનો ભોગ લેનાર પણ વખતે થઇ પડે છે જાગરણના વહેમનુ પ્રબળ જોર એટલું બધું વધી પડયું છે કે, પ્રભુના માર્ગથી વિરૂદ્ધ થઈ અબળાઓ અવળે રસ્તે ચડે છે આવી સ્ત્રીઓ અધમમા અધમ બુદ્ધિની નીચમા નીચ વૃત્તિ વાળી,અને હલકામા હલકી ચાલની, પાપીમાં પાપી જાણવી જાગરણ કરનારી સ્ત્રીને શાસ્ત્રમા કસાઈની ઉપમાઆપેલ છે જેમ " કસાંઈમારે ગોતી જીવ તેમ ફરતી હરતી મારે ઝીણા જીવ " એટલે જાગરણમાં રાસડા લેતી વખત કે ફેર કુદડી ફરતી વખત ઘણા ઝીણા જીવો મરે છે, તેથી જાગરણમા ભાગ લેનારી ભણેલી અને અભણ, ધર્મી અને અધર્મી સ્ત્રીઓ સર-

બામણીમા એકસરખી લાગે છે ત્યારે ભણતર કે ધાર્મિકતાનુ ફળ શુ ? તેમનામા કાઇ પણ તફાવત ન જણાય તો પછી તેઓ પણ મૂર્ખમા ખપે તેમા નવાઇ શું ? ગાડી ગણાય તેમા કાઈ ખોટું નહિ જે સ્રી અક્કલને અળગી મુકનાર હોય તેજ જાગરણ કરે છે પણ સમજુ, શાણી અને ધર્મિષ્ટ કદિ કરશે નહિ બ્હેનો ! તમારા કમનશીબે અને કાળની વિપરીતતાને લીધે આવા તોફાનો કરવા તમને સૂઝે છે હવે ગુપ્ત વેશ્યામા શુ બાકી રહ્યુ છે? શ્રાવિકા થઇને જે સ્રી જાગરણ કરે છે તે જૈનશાસનને કલક આપનારી ઠરે છે, તેને ધિક્કાર છે જૈન ધર્મ પાળનાર સ્રીએ જાગરણ કરવુ જ નહિ, પરન્તુ તે દિવસોમા પોતાને પ્રિય ભક્તિ ભરેલા સ્તોત્રનો પાઠ કરવો, જીવને શાતિ મળે તેવા પદ કે છદ ગાવા પ્રભુના નામની માળા જેટલી બને તેટલી ફેરવવી અને માયાની મલિન વાસનાઓમા ભટકતા મનને અટકાવી, પવિત્ર પરમેશ્વરના માર્ગમા, પ્રવેશ કરવો પ્રભુના ગુણગાન ગાયા કરો, અને પતિની ખરા મનથી સેવા કરો પણ ખરાબ ગાણા ગાઈ વખત ગુમાવશો તો મહાન્ પાપ બાધશો પતિની સેવારૂપ જાગરણથી તમારામા ઉત્તમ ભાવનાઓ જાગેલી રહેશે તમારી જીદગી સુખી થશે, અને આલોક તથા પરલોકમાં સ્વર્ગીય સુખ પ્રાપ્ત કરશો

આ આધુનિક કાળના જાગરણ ઉપરનો મોહ ઉતારી, પ્રાચીન સમયમા થતા તેવા સતીને લાયક જાગરણ કરી

પતિની પ્રીતિ મેળવો, પરમાત્માના સ્વરૂપને ઓળખો, અને ઇશ્વર સેવામા તત્પર રહો.

, તમે હાલમા જે જાગરણ કરો છો, તે રિવાજને ખાતર, લોક લાજને લીધે, અને દેખાદેખીથી કરો છો. આપણે જાગરણ કર્યા એમ રાનને મનાવવા ખાતર કરો છો પણ કાંઈ ઉચ્ચ ભાવના મેળવવા માટે કરતા નથી તમે ઘણા વરસ થયા જાગરણ કરો છો, પરતુ તમારૂ કે પારકાનુ કાંઈ પણ શ્રેય કરી શકયા નથી, તો પછી ખોટા રિવાજને કેટલા વરસ સુધી વળગી રહેશો ?

જો જાગરણ કરવાથી તમારામા પવિત્રતા આવતી હોય તો સુખેથી તેમ કરો તમારા પાપ ઓછા થતા હોય તો જાગરણ કરવામા વાધો નથી જાગરણ કરવાથી તમારો ઉદ્ધાર થતો હોય, તમારી ચાલ સુધરતી હોય, તમારામા વેરાગ્ય આવતો હોય, તો તમને કોણ ના પાડેછે? જાગરણ કરવાથી તમને તમારા પતિ તરફ પ્રેમ થાયછે, અને તમારા પતિનુ આયુષ્ય વધે છે, એમ તમારી માન્યતા છે, તો તે તમારે સાબિત કરી આપવુ જોઇએ

મિથ્યા મતને નાશ કરવાવાળુ સમકિત રત્ન જેના હૃદયમા પ્રગટ્યુ છે, તેવી શ્રાવિકા કદિ જાગરણ કરશે નહિ ભડભડ બળતા વના અગ્નિનો તાપ સહન કરવો સારોછે, પણ મિથ્યાત્વ, એવવુ સારૂ નથી સેકડો વાર તમે સાધુ આર્યાજીને વાંદ્યા હજારો વાર ઉત્તમ જનોને દાન દીધાં, લાખો વાર વ્રત નિયમ અને ઉપવાસે કર્યા,

પણ તેથી તમે કાંઈ સુખી થયા નહિં, તેનુ કારણ જેમ દૂધપાકમા માખી નાખીને જમવાથી ઉલટી થાયછે, તેમ સમકિત રૂપી દૂધપાકમા જાગરણરૂપી મિથ્યાત્વ માખી નાખીને જમો છો તેજ છે જાગરણ કરનાર સ્ત્રીને વાગુલ, છછુંદર ઘુવડ અને છાપા (કાનકરડીઆ) મા બીજે ભવ અવતાર લેવો પડે છે અને આખા ભવ પુરા થતા સુધી અહોરાત્ર ઉજાગરા કરવા પડે છે માટે જો જાગરણ કરવાથી ભલું થતુ હોત તો ઘુવડ છછુંદર વગેરે જનાવરોનુ ભલુ થવુજ જોઈએ

સ્ત્રીઓએ આખી રાત ભટકવુ એ શાસ્ત્રથી વિરૂદ્ધ છે કહેવત છે કે --

ભટકત બિગડત નાર, ઝાડ બિગડત બક બેઠે.

ઉપર જણાવેલા ધર્મથી વિરૂદ્ધ વર્તવુ તેનુ નામ અધર્મ છે અધર્મના આચરણથી સ્ત્રીઓ અધોગતી પામી બહુ દુખી થાયછે અધર્મથી બચવા માટે આ ભાષણમા આપેલા વાક્યો તમારી હૃદયરૂપી શિલામા કોતરી રાખશો. તો મહા સુખી થશો પણ હાલના જમાનાની કયી સ્ત્રીઓ હૃદયમા ધારે છે ? મોટા મોટા લેખકો અને ભાષણ કર્તાઓ ભલેને પથરા લઈને માથુ ફોડી મરે, ભલેને મોટા બાપ દાદાના નામની પોક મૂકી પોકાર કરે, ભલેને મેણા આપી ફજેતા કરે. પણ કોણ તેમના કહેવા પ્રમાણે વર્તે છે ? સત્યાદિ વ્રત ધારણ કરવાં એ પરમ ધર્મ છે. અને અસત્યાદિ અનાચાર કરવા એ મોટું પાપ છે સર્વ કામ ધર્માનુસાર અર્થાત સત્યાસત્યનો વિચાર કરીનેજ કરવા જોઇએ.

ધર્મને આધારેજ આ સૃષ્ટિ અનાદિ કાળથી ચાલી આવેછે. શું મોળાકત કરવાથી ધર્મ થતું હશે ? કે પુણ્ય મળતું હશે ? કે પુત્ર પ્રાપ્તિ થતી હશે કે ? પતિનું આયુષ્ય વધતું હશે ? મોળાકત કરવાથી બ્હેનો ભાઇવાળી થતી હોય તો કોઇ પણ સ્ત્રી ભાઈ વગરની હોયજ નહિ મોળાકત કરવાથી પતિ ન મરતા હોત તો, આ દુનિયાની સર્વ સ્ત્રીઓ સૌભાગ્યવતિજ હોત, પણ મારા ધારવા પ્રમાણે આપણા દેશમાં મુખ્યત્વે કરી હિંદુ સિવાજી બીજી કોઈ પણ કોમ તેમજ અન્ય દેશોમા મોળાકત એવરતના જાગરણ થતાં નથી જુઓ ઝાલાવાડ અને ગોહેલવાડના જૈની ભાઇઓની બુદ્ધિ કે તેમણે હાલ જાગરણો બંધ કર્યા છે, જો જાગરણો માટે શાસ્ત્ર અગર શાસ્ત્રકારો તરફથી સંમતિ હોય તો તેને માટે જુદા જુદા દિવસો એવરતના જાગરણ માટે થવા પામત નહિ અને તેને માટે દશા તથા વીશા શ્રીમાળી વણિકોમા થયેલ મતભેદ મોજુદ છે કે દશાશ્રીમાળી વણિકો એવરતના જાગરણો શ્રાવણ સુદિ પૂનમે કરેછે, ત્યારે ભાદરવા સુદિ દશમે વીશા શ્રીમાળીમા તેજ પ્રથા ચાલે છે

અજ્ઞાનને લીધે મનુષ્યો અસત્ય વસ્તુને સત્ય વસ્તુમાની લેછે. અજ્ઞાન દશામાં આપણી ભૂલો આપણને માલમ પડતી નથી, સત્યની પ્રતીતિ થાયછે, ત્યારે અજ્ઞાન તિમિર દૂર થઈ જાયછે, અને આપણને આપણી ભૂલો સૂઝેછે, અને જ્યારે આપણને આપણી. ભૂલ જડી આવે, ત્યારે તેને ગમે

તેમ કરીને પણ સુધારવી એ આપણુ કર્તવ્ય છે ભુલ સુધારવાથી જ્ઞાનની વૃદ્ધિ થાયછે, અને મિથ્યાત્વથી બચાયછે તેમ તમે તમારી ભૂલો સુધારીને જાગરણની તથા બીજી કુટેવો કાઢી નાખશો, ત્યારેજ સુખી થશો

પછી વખત થઈ જવાથી સાધ્વીજીએ વ્યાખ્યાનની સમાપ્તિ કરી, તે વખતે આર્યાજીના આવા વચનો સાભળી વિજયા શ્રાવિકા પ્રસન્ન વદને ઉભા થઈ મધુર અવાજે બોલ્યા, " હે આર્યાજી તમારા વચનો સાંભળી સર્વ શ્રોતા મંડળ સતુષ્ઠ થયુ છે તમે વિદ્વાન અને પ્રખ્યાત સાધ્વીજી છો " વગેરે તેમણે ઘણી પ્રશંસા કરી તેજ વખતે કેટલીએક બ્હેનો પોતાના ખગબ આચરણ માટે હૃદયમાં પશ્ચાતાપ કરવા લાગી, કેટલીક સ્ત્રીઓએ હવેથી હિવાસો કે ભોળાકત નહિ કરવાની પ્રતિજ્ઞા લીધી, અને કેટલીએક પોતાની પુત્રીઓને નહિ કરવાની પ્રતિજ્ઞા લેવડાવી વ્યાખ્યાનની સમાપ્તિ થતા સર્વ માહલાઓ સામાયિક પાળી પોતપોતાને ઘેર રવાના થઇ તેમા પ્રભાકોર તથા લક્ષ્મી બ્હેન બન્ને ઘેર જતા જતા રસ્તામા નીચે મુજબ વાત કરવા લાગી.

લક્ષ્મી--બ્હેન ? આર્યાજીના બોધ ઘણાજ અસરકા ક છે પરંતુ બધી જૈની બ્હેનો તે પ્રમાણે વતવા માડે તો આપણે પણ વર્તીએ

પ્રભાકોર—જે સત્ય છે તેને માટે બીજા લોકના વર્તનની રાહ જોવી એ મોટી ભૂલ છે બીજી બ્હેનો વર્તે અથવા ન વર્તે તે તેઓની ઇચ્છા, પણ શાસ્ત્રકાર કહે છે કે-

દોહરો.

સમજી પોતે સુધરીએ, સહુ જન નહિ સુધરાય;
પગે પગરખાં પહેરીએ, પૃથ્વી નહી મઢાય. ૧

બળતાં ઘર પોતા તણું, તેની પીડા ટાળ,
પરની તારે શી પડી, તું તારૂં સંભાળ. ૨

જગા લઈ જોઇએ તેટલું, ગળણું લઇને ગાળ,
નદી તળાવ ગળાય નહિ, તું તારૂં સંભાળ. ૩

તો આપણે પોતેજ સમજીને સુધરવાની જરૂર છે. આ આપણે આપણું કર્તવ્ય કરવું જોઇએ લોકાપવાદ અને નિંદાના ભયથી ડરવું, એ તો બીકણપણું કહેવાય. આપણે આપણા ઘરમાં સુધારો કરીએ, તેમા બીક શા માટે રાખવી પડે ? બ્હેન ! જોને અમારા કુટુમ્બમાં જાગરણ, નાગપાંચમ, બોળચોથ, કન્યાવિક્રય, બાળલગ્ન, શિળસાતમ પૂર્વજને પાણી અને શ્રાદ્ધ સરાવવા વગેરે કુરિવાજો બંધ કર્યા, તે અરસામા લોકો બે દિવસ અપવાદ બોલતા હતા, તેઓ હવે તો ઉલટી પ્રશંસા કરે છે. એટલા ઉપરથી સમજી લેવુ કે અજ્ઞાન લોકોના બોલવાની કાંઈ પણ દરકાર નહિ કરતાં આપણા ખરા દિલથી જૈન ધર્મના સિદ્ધાંત પ્રમાણે સારા કામ કરવા, તેમા જરા પણ સંકોચ રાખવો જોઇએ નહિ. જેમ અમારા કુટુમ્બની પ્રશંસા થાય છે, તેમજ તમારા કુટુમ્બની પણ પ્રશંસા થશે, અને તેવાં પ્રાપ થતાં અટકશે, માટે મારી શીખામણ માની જાગરણ ન કરવાં તેવી પ્રતિજ્ઞા લ્યો તો ઘણું સારૂં.

લક્ષ્મી—એ તો મને ખબર છે કે તમારૂં આખું કુટુમ્બ દ્રઢ જૈની છે તેથીજ તમારા કુટુંબમાં જરા પણ મિથ્યાત્વ પ્રવેશ કરી શકયું નથી, તેથી બધાના જૈનોક્ત સંસ્કાર અચળ રહ્યા છે પણ મને આશ્ચર્ય સાથ આનંદ થાય છે કે તમારી મામીજી વરસો વરસ જાગરણમા આગેવાની ભર્યો ભાગ લેતાં તેમણે પણ આજે સાધ્વીજીના સદુપદેશથી જાગરણ નહિ કરવા બાધા લીધી છે મને પણ તેવી બાધા લેવા ઘણુંએ મન થાય છે પણ કુટુંમ્બમા કલેશ વધે તો શું કરૂં ?

પ્રભાકોર—બ્હેન ! મને પણ પહેલાં તો ઘણી હરકતો નડી હતી, તે તમે નથી જાણતા ? હું પરણીને ઘરમા આવી અને જાગરણ કરવાં બંધ કર્યા, તે વખતે આખા ગામની સ્ત્રીઓ મારો તિરસ્કાર કરતી હતી, તેથી મારી ઘણીજ અવદશા થઈ હતી હું જૈનશાળામાં સામાયિક પ્રતિક્રમણ અને જીવ વિચાર વગેરે સારી રીતે ભણેલી હતી, તેમજ સાંસારિક કેળવણી સાતમા ધોરણ સુધી લીધેલ હતી, તેમ છતા ઘરનાં બધાં માણસો મારાથી વિરૂદ્ધ હતા, પણ મારા પ્રિયતમ પતિ મને હમેશાં ઉપદેશ દેતા, અને સત્કર્મો કરવા પ્રેરતા તેથી હું ઘણીજ રાજી રહેતી, અને તે દ્રઢ જૈની હોવાથી અમારા ઘરમાંથી જાગરણ કરવાનો રિવાજ નીકળી ગયો

લક્ષ્મી—બ્હેન ? તને તારી સાસુ કે ગામની બીજી સ્ત્રીઓએ હેરાન નહોતી કરી. ?

પ્રભાકોર—હા. મને હેરાન તો ઘણી કરી હતી. કોઈ નિંદા કરતી, તો કોઇ મશ્કરી કરતી, તો વળી કોઇ લોકોપવાદની ધમકી દેતી, પણ મેં તો મૌન્ય ધારણ કર્યું, અને જ્યારે મારી સાસુ, નણંદ કે કુટુંબની બીજી સ્ત્રીઓ જાગરણ બાબત મને કાંઇ કહેવા માંડતા, ત્યારે હું ત્યાંથી ઉઠીને જતી રહેતી. પણ જો તેઓ બેસવાનો આગ્રહ કરે, તો કહેતી કે એવી વ્યર્થ માથાકુટનો ઉત્તર હું આપીશ નહિ ત્યારેજ તેઓ મારો છેડો પડયો મૂકતી, અને ધર્મ સબંધી ચર્ચા ચલાવતી.

લક્ષ્મી—ધન્ય છે તારા જીવતરને. આજ મને બરાબર ખાત્રી થઈ અને હું પ્રતિજ્ઞા કરૂંછું કે આજથી આવા દુષ્ટ રિવાજમા હુ કદિપણ ભાગ લઇશ નહિ. એમ કહી બીજે દિવસે સુમતિ આર્યાજી સમક્ષ જાગરણ ન કરવાના પચ્ચખાણ કર્યા.

દોહરો.

ગચ્છ લોકે લાયક થયા, અજરામર (જી) અણગાર;
* લીંબ સંઘાટક સ્થાપીઓ, જગમાં જશ વિસ્તાર.

મનહર.

પંચ મહાવ્રત ધાર સુમતિ ગુપતી સાર
વિવેક ને વિદ્યાવાન સંયમ શુ ટેકથી

---

* લીંબસંઘાટક—એટલે લીંબડી સંઘાડો.

મમ ગુરૂ મણિ તુલ્ય મંગલજી મુનિરાજ
પસાય ગ્રહીને તાસ રચ્યો ગ્રંથ નેકથી
દેશો દેશ તણા ચાલ એકઠા ગ્રહીને કર્યા
સુણી વાંચી કોપશો મા કૃષ્ણ મુનિએ "કથી"
ઓગણીસેં સડસઠે વર્ષાઋતુ[1] જીર્ણદુર્ગે[2]
મોળાકત દિવાસાની વિધિ કહી ચેકથી

દોહરો

મં ત્ર જંત્ર જુઠા ગણી, ગળ શીયલ ગુંપ્રીત,
ગ હન ગતિ છે કાલની, એક દિન જાવાનુ રીત. ૧
લ ક્ષ ચોરાસી યોનિમાં, લીધા તેં અવતાર,
જી વ દયા પાળી નહિ, ફર્યો અનંતિ વાર ૨
સ્વા દો સારા લેખતા, રામા કેરી સાથ,
મી મરી સમ તે લાગતા, સુખ વામે નિજ હાથ ૩
ને ક એકશી પાળવા, નીતિના વ્રત બાર.
વદન કરો નિદ્રા તજી, પામો ભવનો પાર, ...૪
દ યા સ્વ પર જીવની, પાળો રાખી પ્યાર,
મા સે કર્મ કૃષ્ણ મુનિ. નીતિના વરનાર ૫

---

૧ ચોમાસુ. ૨ જુનાગઢ ૩ જુના રીવાજનો ચેક એટલે લોપ કર્યો,

વિજ્ઞપ્તિ.

પ્રિય વાંચનાર !

મારી અગાઉથી જાહેર કરેલી ખબરમાં આ ચોપડીની કિંમત એક આનો અને દોઢ આનો છપાવેલ હતું. કારણકે તે વખતે આ ચોપડીનું કદ બેથી અઢી ફાર્મની અંદર થશે એમ ધારણા હતી, પરંતુ પાછળથી આ ચોપડીને વધારે વિસ્તારીને લખવામાં આવી, કારણકે ચોપડીની અંદર જે વિષય વર્ણવવામાં આવ્યોછે તેનું વસ્તુ બેથી અઢી ફાર્મની અંદર .આટોપી લેવામાં આવે, તો બહુ શુષ્ક થઈ જવાનો ભય હતો, તેથી એ વાત કેટલીક બહેનો અને ગૃહસ્થોને રૂચીકર થઇ પડી નહિ, વાસ્તે વાર્તાનું વસ્તુ તેના નામ પ્રમાણે સ્ફુટ રીતે વર્ણવવામાં આવ્યું છે તેને લીધે બેથી અઢી ફાર્મને બદલે સાડાત્રણ ફાર્મની થઈ છે તે ઉપરાંત અત્રેના સુપ્રસિદ્ધ દાનવીર શ્રીયુત્ શેઠ નથુભાઈ કૃપાસમની ઝીંકો ફોટો છબી મૂકીને ચોપડીને શોભાવી છે. જેથી મૂળ ખર્ચમા લગભગ બમણો વધારો થયો છે. આ કારણને લીધે દોઢ આનાને બદલે બે આના કરવાની ફરજ પડી છે. જો કે ચોપડીની કીંમત પડતર ખર્ચે રાખેલી છે તો આ વધારો પણ લાઈલાજે કરવો પડ્યો છે, જે ક્ષંતવ્ય ગણવામાં આવશે, એવી આશા છે

લી. પ્રસિદ્ધ કર્તા.

સમાપ્ત.

આ પુસ્તક વાંચીને જરૂર વિનોદ પામશો.

મહાસતી શ્રી ચંદનબાળા.

શ્રી સર્વજ્ઞ મહાવીર પ્રભુની છત્રીસ હજાર સાધ્વીઓમાં ચંદનબાળા સર્વથી મોટાં ગણાય છે તેમનું જીવનચરિત્ર ભણવા, વાંચવા, અને સાંભળવાથી અનંત ભવના પાપો નાશ પામે છે, આ પુસ્તકની ઓછામાં ઓછી એકેક પ્રત દરેક શ્રાવક શ્રાવિકાઓએ રાખવી જોઈએ કારણકે પર્યુષણ જેવા પર્વના દિવસોમાં તો તે પુસ્તક દરેક જૈનોએ વાંચવું અવસ્યનું છે. આ પુસ્તકમાં વૈરાગ્ય, નીતિ, ન્યાય, માતા પિતાની ભક્તિ, સાસુ સસરાની સેવા, વાતચીતમાં વિવેક, સરળતા નિર્મળ વાણી, ધર્મ, સંગત, ખાનદાની, સત્ય પ્રકૃતિ, દાનના ઉપયોગ, ટેક, દુઃખ દુઃખમાં સમભાવ, લોભનો નાશ, પતિભક્તિ, પરનિંદાનો ત્યાગ, વખત પ્રમાણે વર્તવું વગેરે ઉત્તમ વચનોના સમાવેશ કરવામાં આવેલ છે તેથી દરેક વ્યક્તિએ પોતાનું ખરૂં કર્તવ્ય અને શ્રેયપાત્ર શું તેનું ભાન કરાવી આપનાર આ પુસ્તક છે તેમજ પોતાના આત્માને કેમ ઓળખવો તથા વૈરાગ્યથી થતા ફાયદા વિનયવાનને મળતું માન પાપના ફળના પ્રત્યક્ષ દેખાવ અંતમાં આપવાની ખુવારી, મરણ સમય અત્યંત કાની કાની પાળ માટી માગવી વગેરે અનેક વાતોથી ભરપુર **મહાસતી શ્રી ચંદનબાળાનું** જીવનચરિત્ર છે

આ પુસ્તકની કીમત રૂા. ૦-૮-૦ રાખવામાં આવેલ છે પરંતુ પ્રથમથી ગ્રાહક થનાર પાસેથી રૂ. ૦-૬-૦ લેવામાં આવશે માટે જલદીથી ગ્રાહક થશો ગ્રાહક પુરતી નકલો છપાશે પાછળથી પસ્તાવું ન પડે વહેલાપહેલા

વધારામાં અગાઉથી ગ્રાહક થશે તેઓના મુબારક નામ ચોપડીમાં દાખલ કરવામાં આવશે

વલ્લભજી મેઘજી શાહ, માસ્તર.
જુનાગઢ.

ધાર્મિક ગાયનસંગ્રહ.

આ પુસ્તકમા સર્વ ધર્મને યુક્ત થાય, તેવા જૂદા જૂદા રાગ નીતિ અને વૈરાગ્યના જ્ઞાનથી ભરપૂર ભજનોના મોટો સંગ્રહ કર્યો છે પુસ્તકનુ કદ ગાયલ ૧૬ પેજી સાડાત્રણ ફોર્મ એટલે ૫૬ પૃષ્ઠ તેમા શેઠ સાહેબ નથુભાઈ કૃપારામનો ફોટોગ્રાફ મૂકેલો છે છતા ઉદાર ચરિત શેઠ નથુભાઇ કૃપારામના આશ્રયથીજ અને બહોળો ઉઠાવ થવા કારણે ભાવ ઘણોજ સસ્તો રાખેલો છે કિમત ફક્ત રૂ ૦-૨-૦ બે આના માટે આશા છે કે ધર્મજીજ્ઞાસુ ભાઇઓ તેનો અવશ્ય સ્વીકાર કરશેજ

જૈન વિધવા ધર્મ—આ પુસ્તકમા સ્ત્રી દૈવયોગે વિધવા થયા પછી તેમણે પોતાનુ જીવન કેવી રીતે ગાળવુ, કે જેથી તેનો આ લોક તથા પરલોક સુધરે અને છેવટ મુક્તિ મળે, એવા સર્વમાન્ય સિદ્ધાંતો શાસ્ત્રોક્ત રીતે અનુવાદ એકઠા કરી સહેલી ભાષામા વર્ણવ્યા છે તેથી તે પુસ્તક દરેક વિધવા સ્ત્રીને ખાસ મનન કરવા યોગ્ય છે આવુ ઉત્તમ પુસ્તક પૃષ્ટ ૪૮ ના કદવાળુ પરોપકારી શેઠ નથુભાઈ કૃપારામની મદદથી આના ફક્ત સવા આનાની જૂજ કિમતે આપવામા આવે છે જૂજ બાકી છે વહેલા તે પહેલા

પહેલાં બન્ને પુસ્તકો રોકડી કિંમતે અથવા વી પી થી નામે લખી મંગાવવા વિનંતિ કરવામાં આવે છે.

મણી મેઘજી શાહ, માસ્તર.

જુનાગઢ.